ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

અસ્માકં વીરા ઉત્તરે ભવન્તુ

॥ કૃણ્વન્તો વિશ્વમાર્યમ્ ॥

# અગ્નિપથ

વર્ષ : ૧૪ | અંક : ૪૯ | તંત્રી : અરવિંદ કે. રાણા | ● તારીખ : ૦૫-૧૨-૨૦૧૩, ગુરૂવાર | R.N.I. No. GUJGUJ/2000/1951 | ● કિંમત : રૂા. ૪.૦૦ | ● પાના : ૪

### ખોરાક ઔષધ નિયમન તંત્ર દ્વારા કોલ્ડસ્ટોરેજમાંથી

## બેકરી શોર્ટનીંગ માળખાનો ૫૦૨૩ કિલોગ્રામ જથ્થો કબજે કરવામાં આવ્યો

કમિશ્નર ઓફ ફૂડ સેફ્ટી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ડો. એચ.જી. કોશીયાની અખબારી યાદીમાં જણાવેલ છે કે રાજ્યમાં ખાદ્ય ખોરાકમાં થતી ભેળસેળ રોકવા માટે આ તંત્રના ફૂડ સેફ્ટી ઓફીસર દ્વારા સમયાંતરે સઘન તપાસ કરવામાં આવે છે. આ તપાસના અંતર્ગત ફૂડ સેફ્ટી કમિશ્નરે ગઈકાલે તા. ૨૯મી નવેમ્બરે ઓફીસ સમય દરમ્યાન મળેલ ટેલીફોનિક માહિતીના આધારે આ તંત્રના ફૂડ સેફ્ટી ઓફીસરો અસલાલી ખાતે આવેલ મે. સચીન કોલ્ડ સ્ટોરેડ પ્રા.લી. અસલાલી તા. દસક્રોઈ ખાતે બેકરી શોર્ટનીંગ ૨૩૨૫ કિલોનો જથ્થો તેમજ માખણનો ૨૬૯૮ કિલોનો જથ્થાનો વેચાણ અર્થે સંગ્રહ કરેલ હતો. આ બંને ખાદ્યચીજોની ગુણવત્તાની શંકા જતાં તમામ જથ્થો જપ્ત કરેલ છે. જેની અંદાજીત કિંમત રૂા. ૭,૬૫,૫૭૩ થાય છે. આ બંને ખાદ્યચીજોના નમુના લઈ પૃથ્થકરણ માટે પ્રયોગશાળામાં ચકાસણી અર્થે મોકલી આપવામાં આવેલ છે. નમૂનાનું પરિણામ આવ્યેથી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### ૨.૬૯ અબજ ડોલરનો વધારો

## દેશના વિદેશી હુંડિયામણ ભંડોળમાં તીવ્ર વધારો થયો

ભારતના વિદેશી હુંડિયામણ ભંડોળમાં ૨.૬૯ અબજ ડોલરનો વધારો થયો છે આની સાથે જ ૨૨મી નવેમ્બરના દિવસે પુરા થયેલા સપ્તાહ દરમિયાન વિદેશી હુંડિયામણ ભંડોળનો આંકડો વધીને ૨૮૬.૨૬ અબજ ડોલર સુધી પહોંચી ગયો છે. રિઝર્વ બેંક દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. આવી જ રીતે ૧૫મી નવેમ્બરના દિવસે પુરા થયેલા સપ્તાહ દરમિયાન વિદેશી હુંડિયામણ ભંડોળમાં ૧.૪૫ અબજ ડોલરનો વધારો થયો હતો. બીજી બાજુ ફોરેક્સ રિઝર્વના સૌથી મોટા ઘટક ગણાતા ફોરેન કરન્સીની સંપત્તિમાં ૨.૭૬ અબજ ડોલરનો વધારો થયો છે.

આની સાથે જ સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન આ આંકડો વધીને ૨૫૮.૬૬ અબજ ડોલર થયો છે. આરબીઆઈના સાપ્તાહિક આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. એફસીએમાં ૧૫મી નવેમ્બરના દિવસે પૂરા થયેલા સપ્તાહ દરમિયાન ૧.૪૬ અબજ ડોલરનો વધારો થયો છે. ઈન્ટરનેશનલ મોનિટરીંગ ફંડ સાથે સંબંધિત ભારતની રિઝર્વ પોઝિશનમાં ઘટાડો નોંધાયો છે. સોનાના ભંડોળમાં સ્થિતિ

## गृहस्थ जीवन को सुखी कैसे बनाए ?

: વક્તા :

**સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક**
**નિદેશક, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ, સાબરકાંઠા**



**કાર્યક્રમની રૂપરેખા**

**કાર્યક્રમની તારીખ : ૦૫/૦૧/૨૦૧૪**

૯:૦૦ થી ૧૦:૩૦ પ્રથમ સત્ર | ૧૦:૩૦ થી ૧૧:૦૦ જલપાન
૧૧:૦૦ થી ૧૨:૩૦ બીજુ સત્ર | ૧૨:૩૦ થી ૧:૩૦ ભોજન

**પ્રવેશ શુલ્ક : રૂ. ૧૦૦.૦૦**

: પ્રવેશ માટે સંપર્ક :
શશીકાંતભાઈ આર્ય મો. : ૮૮૬૬૦૮૧૦૯૬
સંજયભાઈ આર્ય મો. : ૯૪૨૬૩૮૧૩૦૨

**આયોજક** | **વ્યવસ્થાપક**
આર્યસમાજ, અમદાવાદ | વૈદિક સંસ્થાન, ઓઢવ

**: કાર્યક્રમનું સ્થળ :**

ટાઉન હોલ, એલિસબ્રીજ, આશ્રમ રોડ, અમદાવાદ

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન

## આર્યસમાજ, નડિયાદ દ્વારા સિમંતોનયન સંસ્કાર વિધિ સંપન્ન

આર્યસમાજ, નડિયાદના ટ્રસ્ટી શ્રી કનુભાઈ એસ. શાસ્ત્રીના સુપુત્ર શ્રી દક્ષેશના ધર્મપત્નિ શ્રીમતી અંકિતાનો સિમન્તોનયય સંસ્કાર તાજેતરમાં કરવામાં આવેલ. આ પ્રસંગે યજ્ઞનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં બ્રહ્માપદે શ્રી દિનેશચંદ્ર આચાર્ય રહેલ. જેઓએ સીમન્તસંસ્કારનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, આપણે સૌ આર્યજને શુભ પ્રસંગો સંસ્કાર યજ્ઞ કરીને જ ઉજવવા જોઈએ. જેથી સંસ્કારોનું મહત્વ ધાર્મિકજનો સુધી પહોંચાડી શકાય. આજના યુગમાં સીમન્ત તેમજ અન્ય સંસ્કારો રીતિરિવાજ મુજબ ગામડાઓમાં ચાલે છે. વૈદિક સંસ્કારોથી થતા નથી.

આ પ્રસંગે ઉપસ્થિત સૌએ શ્રીમતી અંકિતાને આશિર્વાદ આપ્યા હતા.

અન્ય એક કાર્યક્રમમાં બાવળા મુકામે શ્રી પ્રશાંતભાઈ શાસ્ત્રી દ્વારા આર્યસમાજ નડિયાદનાં મંત્રી શ્રી વિજયભાઈ ચૌહાણની સુપુત્રી સુશ્રી પ્રજ્ઞાનો સીમન્ત સંસ્કાર સંપન્ન કરવામાં આવ્યો હતો. જેમાં યજ્ઞમાં સીમન્ત સંસ્કારનાં વેદમંત્રોની આહૂતી આપવમાં આવી હતી.

કાર્યક્રમની પુર્ણાહૂતિ શાંતિપાઠ દ્વારા કરવામાં આવી હતી.

## મુન્દ્રા ખાતે વૈદિક હવન યોજાયો

મૂળ કાંડાગર, કચ્છના રહેવાસી અને મુંબઈ કાંદિવલીમાં અભ્યાસ કરી પરત વતન મુન્દ્રામાં સૌથી પ્રસિદ્ધ હોટલ ફોરવે ધરાવતા યુવાન શ્રી શિવરાજભાઈ ગઢવીની મૂદ્રા સ્થિત હોટલ ફોરવે ના ડાઈનિંગ હોલમાં તાજેતરમાં પ્રથમ વખત વૈદિક હવન-યજ્ઞનો કાર્યક્રમ સંપન્ન થયો હતો. ઓમકાર ડાઈનીંગ હોલના સંચાલક શ્રી મનસુખભાઈ પટેલ કે જેઓ છેલ્લા ત્રણ-ચાર વર્ષથી ઓમકાર ડાઈનીંગ હોલ ચલાવીને અન્નપૂર્ણાનું કામ વૈદિક રીત-રિવાજોથી કરે છે. ઓમકાર ડાઈનીંગ ન કેવળ મુન્દ્રા પણ આજુબાજુના શહેરોમાં પણ પ્રસિદ્ધ છે. લોકો ઠેઠ ગાંધીધામ થી અને અદાણી પોર્ટના અધિકારીઓ પણ ખાસ જમવા પધારે છે. ત્યારે છેલ્લા ત્રણ ચાર વખતથી ગાંધીધામના વૈદિક પ્રચારક શ્રી ચંદ્રેશજી આર્ય ઓમકાર ડાયનીંગ હોલમાં જતાં પણ જમ્યા એક પણ વખત નહીં ત્યારે માલિક શ્રી મનસુખભાઈએ વિનંતી કરતાં શ્રી ચંદ્રેશજીએ હવન-યજ્ઞ કરવાની શરતે જમવાની પરવાનગી આપતાં પ્રથમ વખત વૈદિક હવન-યજ્ઞ અને સત્સંગ યોજાઈ ગયો. અને શ્રી ચંદ્રેશજીએ પ્રોત્સાહન અને પ્રેરણા આપતાં જણાવ્યું હતું કે, જે વ્યક્તિ અન્ન, પાણી અને વાયુનો ઉપયોગ કરે છે અને મળ, મુત્ર વગેરેનો ત્યાગ કરે છે તેવા વ્યક્તિ જો વૈદિક પરંપરા અનુસાર હવન-યજ્ઞ નથી કરતાં તો તેઓ મહા પાપી છે. આ દરરોજના પાપથી મુક્ત થવા દરરોજ હવન-યજ્ઞ કરવો અનિવાર્ય છે. માટે તમે અન્નપૂર્ણા સાથે યજ્ઞ કરો તો જ મને સાચી અને સાર્થક દક્ષિણા મળી કહેવાય. શ્રી ચંદ્રેશજીની આ પ્રેરણાથી શ્રી મનસુખભાઈના સમગ્ર પરિવારે દરરોજ હવન-યજ્ઞ કરવાનો સંકલ્પ લીધો હતો. અને સાથે સાથે તેમણે ધુમ્રપાન ન કરવાનો સંકલ્પ પણ જમાઈની સાથે લેતા બેવડી ખુશી તથા ઉપસ્થિત સર્વે પરિવારજનોએ શ્રી ચંદ્રેશજીનો આભાર વ્યક્ત કર્યો હતો. ફોર વે હોટલના માલિક શ્રી શિવરાજભાઈ ગઢવીએ સ્વયંના ઘરે યજ્ઞ કરવા અને મુન્દ્રામાં ધ્યાન પ્રશિક્ષણ આપવા શ્રી ચંદ્રેશજીને વિનંતી કરી હતી.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ખાનપુર ગુરુકુલના બ્ર. શ્રી અભયજી અને બ્ર. શ્રી ભાવિકજી ઉપરાંત સ્થાનિક યુવા આર્ય કાર્યકતા શ્રી કૌશીક જોષીનો સહયોગ પ્રાપ્ત થયો હતો. એ જ દિવસે સાંજે અદાણીમાં નોકરી કરતાં શ્રી હિરેન રાજપૂતના ઘરે હવન કરવામાં આવ્યો હતો.

### હાલમાં દર છ મહિને વ્યાજ જમા થાય છે

## બચત ખાતા પર વ્યાજ ત્રણ માસથી પહેલા મળી શકશે

મુંબઈ

બેંકના ગ્રાહકોને પોતાના બચત ખાતાઓ તથા ટર્મ ડિપોઝિટ પર વ્યાજની ચૂકવણી ત્રણ મહિનાથી પહેલા કરવામાં આવશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરવામાં આવેલા નવા દિશા નિર્દેશમાં આ મુજબની સૂચના આપવામાં આવી છે.

મોટા ભાગની બેંકો હાલના સમયમાં વ્યાજ દર છ મહિનામાં ખાતામાં જમા કરે છે. કેન્દ્રિય બેંકે આદેશ જારી કરીને કહ્યુ છેકે બેંકોને હવે બચત અને ડિપોઝિટ પર વ્યાજની ચુકવણી ત્રિમાસિક ગાળાથી પહેલા કરવા માટેનો વિકલ્પ રહેશે. રિઝર્વ બેંકના આ આદેશને ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. મોટાભાગની બેંકો હાલમાં દર છ મહિનામાં બચત ખાતામાં વ્યાજની રકમ જમા કરાવે છે. બેંકો પાસે ઘણા બધા વિકલ્પો રહેશે. રિઝર્વબેંકના જાહેરનામા બાદ બેંકો દ્વારા પણ તૈયારીઓ કરવામાં આવી છે. અગાઉના ધારાધોરણ મુજબ બેંકોને અગાઉ લાંબા ગાળામાં વ્યાજની ચુકવણી કરવા વિકલ્પો હતા. આરબીઆઈએ કહ્યુ છે કે બેંકો હવ કોર બેંકિંગ પ્લેટફોર્મ પર કામ કરી રહી છે જેથી અગાઉના સૂચનનોની સમિક્ષા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. અગાઉના તમામ ધારાધોરણોની સમિક્ષા કરાયા બાદ જ બચત ખાતાઓ પર વ્યાજ ત્રણ મહિનાથી પહેલા આપવાની સૂચના જારી કરવામાં આવી છે.

બેંકો પાસે હવે ત્રિમાસિક ગાળા કરતા પણ પહેલા વ્યાજ ચૂકવવાના વિકલ્પો રહેશે. એક અલગ જાહેરનામામાં રિઝર્વ બેંકે એનઆરઈ ડિપોઝિટ પર વ્યાજદરની ઓફર કરવા બેંકોને સ્વતંત્રતા આપી છે. આના માટે પાકતી મુદ્દત જુદા જુદા પ્રકારની રહેશે. આના માટે ચોક્કસ શરતો પણ લાગુ કરવામાં આવી છે.

બીજી બાજુ આરબીઆઈએ વ્યાજદરમાં કેમ વધારો કરવામાં આવ્યો નથી તે અંગે ખુલાસો કરવા બેંકોને સૂચના આપી છે. રિઝર્વબેંકે ૧૩મી સપ્ટેમ્બર બાદથી બે વખત પોલીસી રેટમાં વધારો કર્યો છે. રિઝર્વ બેંકે વધારો કર્યા હોવા છતાં બેંકોએ તેમના વ્યાજદર વધાર્યા નથી. બીજી બાજુ કોમર્શિયલ રિયલ એસ્ટેટને બેંક લોનમાં થઈ રહેલા વધારા અંગે રિઝર્વબેંકે ચિંતા વ્યક્ત કરી છે.

રિઝર્વ બેંકે સૌથી પહેલા ૨૦મી સપ્ટેમ્બરે અને ત્યારબાદ ૨૯મી ઓક્ટોબરના દિવસે પોલીસીરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કર્યો હતો. ગઈકાલે રેટના મામલે આરબીઆઈ અને બેંકો વચ્ચે બેઠક યોજાઈ હતી.

### સંત ઓધવરામ ગુરુકુલના આચાર્યની નિશ્રામાં ગાંધીનગર ખાતે યોગકથા યોજાઈ

## જીવનમાં સત્સંગ કરવો અનિવાર્ય છે : સ્વામી શાંતાનંદજી સરસ્વતી



સંત ઓધવરામ વૈદિક ગુરુકુળ, ભવાનીપુર, કચ્છથી પધારેલા સ્વામી શાંતાનંદજી સરસ્વતીની અધ્યક્ષતામાં આર્યકુજ ભવન, સેક્ટર - ૪, ગાંધીનગર ખાતે તાજેતરમાં સાત દિવસીય યોગકથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્વામી શાંતાનંદજીએ યોગકથાના પ્રારંભમાં જણાવ્યું હતું કે, પ્રત્યેક મનુષ્યએ યોગ શું છે ? તે જાણવું જરૂરી છે. માનવજીવનમાં યોગની અનિવાર્યતા દર્શાવી સ્વામીજીએ કહ્યું હતું કે 'સમતત્વ યોગ ઉચ્ચતે' (ગીતા) જીવનમાં સમતુલા જાળવવી યોગ છે. પોતાના કાર્યો, ઉદ્દેશો, સમય અને શક્તિનું મેનેજમેન્ટ કરવું યોગ છે. પોતાના વિચારો તથા વૃત્તિઓને ઓળખી તેને યોગ્ય પ્રમાણમાં સ્વીકારવી અથવા તો ઉપેક્ષિત કરવી યોગ છે. પરિવાર સમાજ તથા પરમાત્મા માટે સમય અને શક્તિનું સમમતુલન કરવું યોગ છે. અધિક કષ્ટ આપી શરીરને રોગનું ઘર બનાવવું યોગ નથી. આસનો કરવા, શ્વસન ક્રિયા કરવી યોગ નથી. આસન-પ્રાણાયામ યોગ નહિં, પરંતુ યોગનું એક અંગ છે. તેને નિયમિત કરી લાભ લેવો જોઈએ. સમાધિ માટે તે સાધક છે. 'યોગઃ કર્મસુ કૌશલમ્' (ગીતા) પ્રત્યેક મનુષ્યએ પોતાના કર્મો સ્થિરતાપૂર્વક, ગુણવત્તાવાળા શુદ્ધ, બુદ્ધિમતાપૂર્વક તથા ઈમાનદારીથી કરવા જોઈએ. પોતાનું તન-મન સર્વસ્વ રેડી સમર્પણ ભાવે કર્મ કરવું યોગ છે.

સાત દિવસ સુધી ચાલેલી 'યોગકથા'માં યોગમાં રૂચિ ક્યા પ્રકારે પેદા થાય તે બાબતે સ્વામી શાંતાનંદજીએ જણાવ્યું હતું કે, જીવનમાં સત્સંગ કરવો અનિવાર્ય છે. સત્સંગ અર્થાત ઉત્તમ પુરુષોનો સંગ કરવાથી પોતાના દુર્ગુણો હટે છે અને સદ્‌ગુણોનો પ્રવેશ થાય છે. ઉત્તમ વસ્તુનું ચિંતન યોગ કરવા તરફ પ્રેરિત કરે છે. ઉત્તમ ભોજન, સાત્વિક ભોજન, મિતાહારી-શાકાહારી-ફળાહારી ભોજનથી મનુષ્ય સ્વસ્થ બને છે. સ્વસ્થ શરીરમાં સ્વસ્થ મન રહે છે.સ્વસ્થ મન-પવિત્ર મન પરમાત્મા તરફ સહજપણે આકર્ષિત થાય છે. ભૌતિક કામનાઓ ઘટાડવાથી યોગમાં પ્રવેશ કરવો સરળ બને છે. આત્મચિંતન તથા સત્‌શાસ્ત્રોનો સ્વાધ્યાય મનુષ્યને યોગ તરફ વાળે છે. સાત્વિક અને પ્રકૃતિમય જીવન વ્યતિત કરવાથી પણ મનુષ્ય ઈશ્વર તરફ આકૃષ્ટ થાય છે.

સંસારનું સુખ અને પરમાત્માના સુખ વચ્ચે તુલના કરતાં સ્વામીજીએ જણાવ્યું હતું કે, પરમાત્માનું સુખ તો રસ-મલાઈ છે અને સંસારનું સુખ તો સૂકી ધાણી સમાન છે. પરમાત્માનો રસ પીવાથી મનુષ્ટ દિવસે-દિવસે સમૃદ્ધ થાય છે જ્યારે સંસારનો ફીકો રસ પીવાથી દિવસે-દિવસે ક્ષીણ-નિર્વીજ થતો જાય છે. જીવાત્મામાં સુખ બિલકુલ નથી. સંસારમાં સુખ પણ છે, દુઃખ પણ છે. જ્યારે પરમાત્મામાં કેવળ સુખ જ સુખ છે. શુદ્ધ અને પુર્ણસુખ પરમાત્મા પાસે હોવાથી તેના તરફ જવું બુદ્ધિમાની છે. પરમાત્મા તરફ વળવા માટે પૂણ્યકાર્યો કરવા અનિવાર્ય છે. પોતાની જાત પર નીરિક્ષણ કરીએ તો જણાશે કે આપણે દિવસભર કેટલા પૂણ્ય કાર્ય કરીએ છીએ અને કેટલા પાપકર્મ કરીએ છીએ. જવાબ નિશ્ચિતપણે એ જ આવે છે કે પૂણ્યકાર્ય દિવસભર બેથી પાંચ ગણતરીના જ કરીએ છીએ જ્યારે પાપકર્મ દિવસભર અનેક અગણિત કરતા હોઈએ છીએ. પરમાત્માના આદેશથી પ્રતિકુળ વિચારવું તથા ચાલવું પાપ છે. નિરર્થક વાતો કરવી, સમય બગાડવો, વધુ આરામ કરવો, આળસ-પ્રમાદ કરવો, સામર્થ્ય હોવા છતાં કાર્ય કરવામાં બેકાળજી રાખવી પાપકર્મ છે. પાપકર્મ ડાકુસમાન છે, આળસ-પ્રમાદ કરતાં જ આપણાં ઉપર હૂમલો કરે છે. હવે વિચારો કે પાપકર્મોની સામે ગણતરીના પુણ્યકાર્યો આપણે કરીએ છીએ તો ક્યા પ્રકારે મનુષ્ય યોની આપણને પ્રાપ્ત થશે ?

પૂ. સ્વામી શાંતાનંદજીએ 'યોગકથા'માં સફળતા પ્રાપ્તિના સોપાન, કર્મસિદ્ધાંત, અવિદ્યા, તેનું સ્વરૂપ તથા તેને દૂર કરવાના ઉપાયો, દુઃખ શું છે ? તેને ક્યા પ્રકારે નિવારી શકાય, આવનારા દુઃખોને ક્યા પ્રકારે રોકી શકાય વગેરે બાબતે ચર્ચા કરી હતી. મોક્ષ શું છે તેમાં ક્યા પ્રકારે જીવનત્મા સ્વેચ્છાપૂર્વક બ્રહ્માંડમાં વિચરણ કરી શકે છે તે વર્ણવી મોક્ષની મહત્તા તેમણે દર્શાવી હતી. સુખી થવા માટેના ઉપાયો તથા ટેન્શનથી ક્યા પ્રકારે બચી શકાય તે તેમણે સમજાવ્યું હતું.ક્રિયાત્મક ધ્યાન-ઉપાસના કરાવી સ્વામીએ આનંદ-ઉત્સાહથી સર્વેને તરબતર કર્યા હતા. અંતિમ દિવસના સત્રમાં પ્રચનના અંતે પાંચ મહાનુભાવોએ પોતાના સકારાત્મક પ્રતિભાવો આપ્યા હતા. અને આવી 'યોગકથા' અન્ય સ્થાનોમાં પણ થાય તેવા પ્રયાસો કરવા ઉપર ભાર મૂક્યો હતો.

यद्धयाति यत्कुरुते धृतिं बध्नाति यत्र च ।
तादवप्नोत्ययत्नेन यो हिनस्ति न किंचन ॥

मनुस्मृति ४७(९)

જે વ્યક્તિ કોઈપણ પ્રાણીની હિંસા નથી કરતો તે વ્યક્તિ જેનું ધ્યાન કરે, જે કામ કરે અને જ્યાં ધીરજથી મનને લગાડે છે તે બધું સુગમતાથી પ્રાપ્ત કરી લે છે.

**તંત્રી સ્થાનેથી....**

# ગુજરાત પોલીસ દ્વારા બાળકોને તાલીમ આપવાનોનવતર પ્રયોગ

શાળાના બાળકોમાં શિસ્ત, રક્ષણના ગુણ કેળવાય તેમજ તે ભવિષ્યમાં સારા નાગરિક બની શકે એ માટે ગુજરાત સરકારે એક નવતર પ્રયોગ શરૂ કર્યો છે. 'સુરક્ષા સેતુ' નામના આ કાર્યક્રમના ભાગરૂપે શાળાના બાળકોને નેશનલ કેડેટ કોપ્સ (એનસીસી) જેવી તાલીમ આપવામાં આવશે.

આ કાર્યક્રમના ભાગરૂપે શાળાના બાળકોને પોલીસની વિવિધ પ્રકારની કામગીરી તેમજ તેમની ભૂમિકાથી માહિતગાર કરવામાં આવશે. આ ઉપરાંત કઈ રીતે પોલીસ-સમાજ વચ્ચે સેતુ તરીકેની કામગીરી અદા કરી શકાય છે તે વિષે બાળકોને શિખવાડવામાં આવશે. આ દરમિયાન બાળકોને પોલીસનો જ યુનિફોર્મ આપવામાં આવશે અને પોલીસના અધિકારીઓ જ તેમને શિક્ષણ આપશે. પોલીસ કઈ રીતે તેની કામગીરી અદા કરે છે એ વિષે બાળકોને વાસ્તવિક અનુભવ મળશે. પોલીસની કામગીરીથી માહિત્ગાર કરવા ઉપરાંત શાળાના બાળકોને સારા નાગરિક બનવા વિષે પણ શિખવાડવામાં આવશે. બાળકોને વડિલોને આદર આપતાં અને ભવિષ્યમાં કઈ રીતે સમાજ માટે ઉપયોગી બની શકે છે તે વિષે પણ શિખવાડવામાં આવશે.

સુરક્ષા હેતુ કાર્યક્રમનો હેતુ બાળકોને જવાબદાર નાગરિક બનાવવાનો છે. આ કાર્યક્રમથી બાળકોમાં સામાજીક નેતૃત્વનો ગુણ પણ વિકસશે. ગત સપ્તાહે આ કાર્યક્રમ અંગેના નિર્દેશ જારી કરી દેવામાં આવ્યા છે. અને સુરત ખાતે તેની શરૂઆત પણ કરી દેવામાં આવી છે. તબક્કાવાર આ કાર્યક્રમને આગળ લઈ જવામાં આવશે. અને વિદ્યાર્થીઓ ઉપર ભાગ લેવા કોઈ દબાણ કરવામાં આવશે નહિં.

ગુજરાત સરકારનું આ પગલું ખૂબ જ પ્રસંશનીય છે. બાળકોના ઘડતરમાં તે ખરેખર ઉપયોગી નિવડશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. દરેક શાળાએ આ કાર્યક્રમનો લાભ લેવો જોઈએ.

# સમાજને સંપ્રદાય = પંથરૂપમાં તોડવો અધર્મ છે

**વેદવાણી**

**(૧) - અવધેશપ્રસાદ પાંડેય (ગાંધીનગર)**

પરમતત્ત્વ ઈશ્વર સ્વરૂપથી સ્વાભાવિક રીતે પરમજ્ઞાન અને પરમ આનંદથી પરિપૂર્ણ છે. સ્વભાવથી જ જે ગુણો જે તત્ત્વો = દ્રવ્યોમાં આશ્રય કરીને અધિષ્ઠિત (અન્વિત) રહે છે, તેઓ તે તત્ત્વથી કોઈ પણ કાળે પૃથક થઈ શકે નહિ. ઈશ્વરમાં અધિકરણ રીતે અસ્તિત્વમાં રહેલાં ગુણો = ધર્મોની હાનિ કાળ-નિરપેક્ષ છે. કાળ, દેશ અને વસ્તુ નિરપેક્ષ તત્ત્વને = ઈશ્વરને જગતના ભોક્તા તરીકે નહિ, પરંતુ જગતના સર્જનહાર, નિયન્તા, પાલનહાર, ભય કરનાર, અભોક્તા તત્ત્વ તરીકે જ વેદમાં વર્ણવામાં આવ્યું છે -

**अनश्नन्नन्यो अभि चाकशीति ।** (ऋग्वेद) (१/१६४/२०)

ઈશ્વર આ જગતના સુખ-દુઃખ ફળોને ન ભોગીને માત્ર અધ્યક્ષની ભૂમિકામાં સર્વત્ર અંદર-બહાર પ્રકાશિત થઈ રહ્યા છે.

જ્યારે બીજો જે ચેતન તત્વ જીવ = જીવાત્મા = આત્મા છે તે આ જગતરૂપી વૃક્ષના પોતાને પ્રાપ્ત સાધનો વડે સુખ-દુઃખરૂપ ફળ ભોગવે છે - અર્થાત્ ભોક્તા છે -

**अन्यः स्वादु पिप्पलं अत्ति ।** (ऋग्वेद)

અને ત્રીજો તત્ત્વ જે પ્રકૃતિ છે, તે જડ છે, અભોક્તા છે. ઉપાદાન પ્રકૃતિ દ્વારા ઈશ્વરીય કર્તૃત્વશક્તિથી કાર્યરુપમાં અસ્તિત્વ પામેલું આ જગત ભોગ્ય સામગ્રી તરીકે આપણી સામે અનાદિ કાળથી આવતું રહ્યું છે અને અનન્તકાળ સુધી આવતું રહેશે. સૃષ્ટિ-સર્જન અને સૃષ્ટિ-વિસર્જન પ્રવાહથી અનાદિ છે અર્થાત્ અનાદિ-અનન્ત અભોક્તા ઈશ્વર દ્વારા અનાદિ-અનન્ત ભોક્તા જીવોના ભોગ અને અપવર્ગ (મોક્ષ) રૂપ પ્રયોજનો સિદ્ધ કરવાના અર્થે આ જગતનું સર્જન (Creation) અને વિસર્જનરૂપ (Dissolution) પ્રવાહ અનાદિ કાળથી ચાલુ છે અને તે જ અર્થે ભવિષ્યમાં પણ અનન્તકાળ સુધી ચાલુ જ રહેવાના છે; કારણ કે ભોક્તા જીવોનું અસ્તિત્વ તો સર્વકાલિક છે, તેથી જ તેમના સુખ, શાન્તિ અને કલ્યાણ અર્થે આ જગતનું પરિણામી પરંતુ શ્રેયષ્કર = મંગલકારી પ્રવાહનો ક્રમ ચાલુ છે અને ચાલુ રહેશે. નિર્મિત વસ્તુનું અસ્તિત્વ કાળક્રમે ખંડિત તો થાય છે, પણ જ્યાં સુધી તે અસ્તિત્વમાં રહે છે ત્યાં સુધી ભોકતાને સાધનરૂપ બની સિદ્ધિઓ પ્રાપ્ત કરવામાં સંપૂર્ણપણે સહાયક બને છે. આ જગત સૃષ્ટિકર્તા ઈશ્વરની સ્વાભાવિક દયા અને ન્યાય આદિ ગુણોના કારણે જ પ્રકૃતિથી (મૂળતત્વ) કાર્યરુપમાં (વિકૃતિ) અભિવ્યક્ત થઈ રહ્યું છે. પોતે અવ્યક્તરૂપથી પ્રકાશિત થઈ રહેલાં પરમકૃપાળુ પરમાત્મા અવ્યક્ત પ્રકૃતિને વ્યક્તસ્વરૂપમાં લાવી પોતાની ચાશ્વતી = સનાતન પ્રજા ઉપર અતુલનીય = અતિશય ઉપકાર કરી રહ્યા છે.

**याथातथ्यतोऽर्थान् व्यदधाच्छाश्वतीभ्यः समाभ्यः ।**

(यजुर्वेद) (अ-४०/मं-८)

**शाश्वतीभ्यः समाभ्यः** = પોતાની નિત્ય રહેનાર સનાતન પ્રજા = જીવાત્માઓ માટે, **अर्थान्** = પદાર્થો અર્થાત્ જગત અને સનાતન વિદ્યા વેદનો, **याथातथ्यतः** = ઠીક-ઠીક વિધિ વડે = સમ્યક્ રીતે, **वि-अवधात्** = વિધાન કર્યો છે.

પ્રવાહથી સનાતન જગતને તથ્યપૂર્વક = અર્થપૂર્વક અસ્તિત્વમાં લાવીને, આ જગતમાં કેવી રીતે સર્વોચ્ચ સફળતાને પ્રાપ્ત કરી શકાય, આવી મહત્વપૂર્ણ બાબતને ધ્યાનમાં રાખીને જ સર્વજ્ઞ ઈશ્વરે સૃષ્ટિના આદિકાળમાં સનાતન વિદ્યા વેદનો અર્થબોધ પણ સનાતન જીવોને કરાવ્યો અને આગળ આવતી સૃષ્ટિઓમાં પણ આવી જ શાશ્વતી વ્યવસ્થા આ રીતે જ ચાલુ રહેશે. અર્થાત્ વેદરૂપ જ્ઞાન અને સૃષ્ટિરૂપ જગત શાશ્વતી પ્રજા માટે ઈશ્વર તરફથી પ્રાપ્ત અમૂલ્ય ઉપહાર છે. પોતે અવૈદિક = વિધર્મો હોય તો પ્રામાણિક વ્યક્તિનું નિર્માણ કેવી રીતે સંભવે ? અપ્રામાણિક સમાજ અને સમાજ વ્યવસ્થા દ્વારા સર્વાંગીણ વિકાસની અપેક્ષા કરી જ ન શકાય. અપ્રામાણિકતા = અધાર્મિકતા = અવૈદિકતા = નાસ્તિકતાની ઉપાસના કરાવનારાઓને ન્યાયકારી ઈશ્વર સુખરૂપ ફળ કેવી રીતે આપી શકે ? વ્યક્તિ, સમાજ, રાષ્ટ્રમાં અન્યાયી વિચારો = કર્મોના અર્થો પ્રમાણિત થતાં ફળ રૂપમાં દુઃખ જ નિષ્પન્ન કરાવવું ન્યાયનો ઉદ્દેશ્ય છે.

શીર્ષસ્થ પદો પર વિરાજેલા માનવી હોય કે સામાન્ય કક્ષાના માનવી હોય, ઘણાં ઓછાને પ્રામાણિકપણે જીવન-નિર્વહનમાં શ્રદ્ધા = આસ્થા = વિશ્વાસ છે. ઈશ્વરને માનનારાઓ = આસ્તિકોને જ ઈશ્વરની પ્રામાણિકતા = ન્યાય વ્યવસ્થા ઉપર ખરા અર્થમાં આસ્થા નથી.

**ધર્મના નામે ગમે તે વિચારોનો ફેલાવો કરી સમાજને અવિદ્યાના માર્ગે લઈ જનારા રાષ્ટ્ર-સમાજદ્રોહીઓને ન્યાયપુર્વક કઠોર દંડ મળવો જોઈએ.**

ઈશ્વર પ્રામાણિકપણાનું ફળ સુખરૂપમાં અચૂકપણે આપે છે અને આપશે જ, આવી સુદૃઢ અને અટૂટ શ્રદ્ધા ન હોવાના કારણે કહેવાતા ઈશ્વર ભક્તો પૂર્ણ પ્રામાણિક નથી. ઉપરથી ધર્મના વિવિધ લક્ષણો માળા, છાપા, તિલક, વસ્ત્રોને ધારણ કરનાર આડંબરી અને દંભી વ્યક્તિ અંદરથી તદ્દન અધાર્મિક વિચિત્ર ગુણો વડે રંગાયેલો છે. અન્યાય, હિંસા, છળ-કપટ, લીલા, દુરાચાર = વ્યાભિચાર, રાષ્ટ્ર-દ્રોહ, પ્રજા-દ્રોહ, ઈશ્વર-દ્રોહ કરતો માનવી કહેવાતા ધાર્મિક સ્વરૂપે મુક્તપણે સમાજમાં વિચરણ કરી રહ્યો છે. જે તે ભૂમિ ઉપર જે પણ રાજ્ય વ્યવસ્થા હોય, તેની ન્યાયપૂર્વક ફરજ છે કે તે સમાજની અસામાજિક તત્વોની સાથે સાથે આવા વેદ વિરોધી મતાંધ, મૂર્ખ અને આડંબરી લોકોથી રક્ષા કરે. ધર્મના નામે ગમે તે વિચારોનો ફેલાવો કરી સમાજને અસત્ય = અધર્મ = હિંસા = અંધકાર = અવિદ્યાના માર્ગે લઈ જનારાઓથી પણ સમાજની રક્ષા કરી આવા રાષ્ટ્ર સમાજ દ્રોહીઓને ન્યાયપૂર્વક કઠોર દંડ આપવો જોઈએ. આવા તત્ત્વોને છુટા દોર આપવાથી જ સમસ્ત માનવ સમાજ અનેક વિધ પરસ્પર વિરોધી વિચારધારાઓમાં ખંડિત થઈ સંકુચિત, અશાંત, ભયભીત અને અસુરક્ષિત થઈ ગયો છે. આવા કહેવાતા પંથો = સંપ્રદાયો = મજહબોમાં સન્નિહિત વિચારોથી યુક્ત માનવી પ્રત્યક્ષ રીતે એક બીજા ઉપર અવિશ્વાસ અને સશંકિત ભાવના વાળો થઈ ગયો છે. સમસ્ત માનવ સમાજને સાર્વભૌમિક જ્ઞાન-વિજ્ઞાન-વિદ્યા વડે અખંડરૂપ કરવાના પ્રયાસો = પ્રયત્નો જ સમાજ સુધારના કાર્યો છે.

**(ક્રમશઃ)**

# આયુર્વેદમાં કવાથનું (ઉકાળાનું) મહત્વ

**આયુર્વેદ અને આરોગ્ય**

**લેખક : સુધાબેન પંચોલી (ગઢડાવાળા)**

આયુર્વેદનાં ઔષધ ઉપચારમાં શ્રેષ્ઠ ઉપચાર હોય તો તે છે કવાથ. કવાથ શબ્દ કવાથ (ઉકાળવું) ધાતુ પરથી બનેલો છે. એટલે કે કવાથનો અર્થ થયો ઉકાળો.

કવાથ એટલે તૈયાર બાટલામાં આવતા ઉકાળા નહિ પરંતુ આપણે જાતે તૈયાર કરેલો ઉકાળો. આપણે માટલામાં ભરેલું વાસી પાણી પણ પીતા નથી તો વાસી ઉકાળા કઈ રીતે પી શકાય ?

આયુર્વેદમાં દરેક રોગ અનુસાર અલગ અલગ ઉકાળા દર્શાવેલા છે. હવે જે ઉકાળો લેવાનો હોય તે આશરે ૧૦ ગ્રામ (રોગની માત્રા પ્રમાણે) લઈ તેમાં આઠ ગણું પાણી મૂકી ઉકાળવા મૂકવું. અગ્નિ પર ઉકળતા ઉકળતા અષ્ટમાંશ પાણી બાકી રહે એટલે તે ઉકાળાને કપડાથી ગાળી લઈ અને સહેજ ગરમ ગરમ કરી પી જવું. કપડામાં જે કુચા બાકી રહે તેમાં બીજુ નવું આઠ ગણું પાણી નાખીને ઢાંકી રાખવું. સાંજે તે ફરીવાર ઉકાળવું અષ્ટમાંશ પાણી બાકી રહે એટલે ગાળીને પી જવું. સવારે નરણાં કોઠે અને સાંજે જમતા પહેલા.

આ રીતે બનાવીને લીધેલા ઉકાળા અકસીર ફાયદો કરે છે. કારણ કે તેને સવાર સાંજ પચીસ-ત્રીસ મિનિટ અગ્નિ મળે છે. આપણાં શરીરમાં પણ જઠરાગ્નિ રહેલો છે. જેટલો ઉકાળાને અગ્નિ મળે છે તેટલી આપણાં શરીરમાં રહેલા જઠરાગ્નિને ઓછી મુશ્કેલી પડે છે. આવી રીતે અગ્નિથી પરીપકવ થયેલ ઉકાળા આપણી રગેરગમાં-નસેનસમાં-પ્રવેશી ઈંજેકશન જેવું કામ કરે છે.

**આપણે અગત્યના કવાથ વિષે વિચારીશું.**

**મહા રાશ્નાદિ કવાથ** : રાશ્ના, એરંડમૂળ, ગળો, વજ, પીળો કાંટાસરીઓ, ચવક, કરિયાતું, નાગરમોથ, ભારંગમૂળ, અજમો, રાતો ધમાસો, કિરમાણી અજમો, પહાડમૂળ, દેવદાર, વાવડીંગ, કાકડાશિંગી, સુંઠ-વળનાં (બોળ) મૂળ, મોરવેલ, કડુ, મજીઠ, કાળું અને ધોળું અભવિષ, કચૂરાં, ત્રિફળાં, (હરડે, બેડા, આમળા)લીંડી પીપર, જવખાર, રક્તચંદન, ગરમાવાની શિંગોનું મગજુ કાયફળ, કડાના મૂળની છાલ, રાતી સાટોડી અને દશમૂળ. (ગોખર, ઊભી ભોરીંગણી, બેઠી ભોરીંગણી, પૃશ્નિપર્ણી, શાલીપર્ણી, બીલી, અરણી, અરડુસો, કાકચ, સીવણ) આ બધું સમભાગ લઈ તેનો અષ્ટમાંશ કાઢો કરીને લેવામાં આવેતો વાયુથી થતા ઘણાં બધા રોગો દૂર થાય છે. (આર્યભિષક્)

**પથ્યાદિ કવાથ** : હરડે, બેડા, આમળા, કરિયાતું, લીમડાની છાલ, ગળો, આ સાત વસ્તુના કવાથમાં જૂનો ગોળ નાંખી આપવાથી, મસ્તકશુળ, ભ્રમર, આંખ તથા કાનનું શૂળ, આધાશીશી, સૂર્યાવર્તન (તડકો ચડે તેમ માથું દુઃખે તે) શંખકરોગ (લમણા દુઃખે) દંતપાત, દંતશૂળ, રતાંધળાપણું, આંખના પડળ, ફુલું તથા આંખની પીડા દૂર કરે છે. (શાડ્ર્ગધૂર)

**ભારંગિયાદિ કવાથ** : ભારંગમૂળ,ગળો,મોથ, ભોરિંગણી હરડે, પ્રષ્કરમૂળ અને સુંઠ. આ કવાથ પીવાથી શરદી, શ્વાસમાં રાહત થાય છે અને નાંદ્રિક સભિપાત જ્વર પણ મટે છે. (નિઘંટ)

**ગોક્ષુરાદિ કવાથ** : મૂળ સહિત ગોખરૂના પંચાંગનો કવાથ કરી તેમાં સાકર તથા મધ નાખી પીવાથી પ્રમેહ મટે છે તથા જવખાર નાખી પીવાથી મૂત્રકૃચ્છ મટે છે.

ઓ૩મ્
अस्माकं वीरा उत्तरे भवन्तु

**અગ્નિપથ**

**વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-**
**આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-**

- સાંપ્રત ઘટનાઓનું આદર્શ દૃષ્ટિકોણથી વિવેચન.
- વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.
- વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.
- બાળકો માટે ઉપદેશ કથા.
- સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.
- વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.
- ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.
- રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી સાપ્તાહિક.

અગ્નિપથ કાર્યાલયને પત્ર અથવા ઈ-મેલથી જાણ કરી આપ લવાજમ બેંકમાં જમા કરાવી શકો છો.
AGNIPATH A/c No. 24640200000387
Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagar.

: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧,
ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathgnr@gmail.com

**ઉપદેશ કથા**

# મધુર વાણી બોલો

એકવાર પં. પરમસુખને દાનમાં એક વાછરડું મળ્યું. વાછરડાનું નામ તેણે 'નંદીશ્વર' રાખ્યું. તેણે ખૂબ પ્રેમથી લાલન-પાલન કરી તેને તંદુરસ્ત બળદ બનાવી દીધો. બળદ પણ પરમસુખનો ખૂબ ખ્યાલ રાખતો હતો કારણ કે તેણે તેને પિતા જેવો પ્રેમ આપ્યો હતો.

એક દિવસ બળદે પરમસુખને કહ્યું કે તે નગરના વેપારીની પાસે જઈને કહે કે તેનો બળદ માલથી લદાયેલ ૫૦ ગાડીઓને એક સાથે ખેંચી શકે છે. જો વેપારી વિશ્વાસ ન કરે તો તે બે હજાર સ્વર્ણમુદ્રાઓની શરત લગાવી દેજો. પરમસુખે પોતાના બળદને અવિશ્વસનીય નજરોથી જોયો તેથી બળદ નંદીશ્વરે ફરી કહ્યું 'માલિક, તમે મારા ઉપર વિશ્વાસ કરો. આ રીતે ધનવાન બની શકો છો.'

પરમસુખ વિચારમાં પડી ગયો. તેને વિશ્વાસ આવતો ન હતો તેથી બળદને કહ્યું 'તને ચોક્કસ વિશ્વાસ છે કે આપણે શરત જીતી જઈશું ?' 'બેશક હું ૫૦ ગાડીઓ ખેંચી ન શકતો હોઉ તો તમને કદી કહું જ નહિ' - બળદે વિશ્વાસપૂર્વક કહ્યું.

પરમસુખ એક વેપારી પાસે પહોંચ્યો અને ગર્વથી બોલ્યો - 'મહાશય, બતાવો આ નગરમાં કોનો બળદ છે જે સૌથી વધુ ગાડી ખેંચી શકે છે ? આમ તો ઘણા બળવાન બળદો હશે, પરંતુ મારા બળદ જેટલો બળવાન આખા નગરમાં કદાચ નહીં મળે, તે તો એક સાથે ૫૦ માલ ભરેલી ગાડી ખેંચી શકે છે.'

વેપારીએ અટ્ટહાસ કર્યુ અને બોલ્યો-'શા માટે મજાક કરો છો ભાઈ ?' 'હું મજાક નથી કરતો' પરમસુખે દૃઢ સ્વરમાં કહ્યું. 'અસંભવ કદાપિ બની ન શકે. કોઈપણ બળદ ૫૦ ગાડીઓ એક સાથે ખેંચી ન શકે' -વેપારીએ વિચારપૂર્ણ મુદ્રામાં કહ્યું. 'વિશ્વાસ ન હોય તો ૧૦૦૦ સ્વર્ણમુદ્રાઓની શરત લગાવી જોઈ લો. જો મારો બળદ ૫૦ ગાડીઓ એક સાથે ખેંચી લેશે તો હું શરત જીતી જઈશ. અને નહી ખેંચી શકે તો હું હારી જઈશ.' વેપારીએ વિચાર્યુ કે આ પરમસુખ પાગલ થઈ ગયો લાગે છે ? છતાં પણ તેણે શરત લગાવી દીધી.

નિશ્ચિત સમયે કાંકરા, પત્થર અને રેતીથી ભરેલી ૫૦ ગાડીઓ સાથે પરમસુખ તૈયાર હતો. 'થોડા જ સમય પછી હું ૧૦૦૦ સ્વર્ણમુદ્રાઓનો માલિક બની જઈશ. આ મુદ્રામાંથી હું કેટલાક બળદો ખરીદીશ, પછી શરતો લગાવ્યા કરીશ.પછી હું આખાય નગરનો સૌથી ધનવાન વ્યક્તિ બની જઈશ.' આ વિચારતો તે ખુબ ખુશ થઈ નંદીશ્વરના ગળામાં માળા પહેરાવી તેને સૌથી આગળની ગાડીમાં જોતરી દીધો અને બળદની પીઠ ઉપર ચાબુક મારી પરમસુખ બોલ્યો-'ચલ, દુષ્ટ જલ્દી ચાલ. ગાડીઓને ખેંચવા લાગ.'

પોતાના માલિકના આ કડવા બોલ સાંભળી બળદના દિલમાં ઠેસ પહોંચી, 'આ મને ગાળો દઈ રહ્યો છે. હવે તો હું અહીં થી ખસીશ જ નહિ.' બીજી બાજુ પરમસુખ હેરાન થઈ ગયો.'આ નંદીશ્વરને શું થઈ ગયું છે કે મારી આજ્ઞા માનતો જ નથી ?' ત્યારપછી પરમસુખે ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ પરિણામ કંઈ જ ન નીકળ્યું. પેલો વેપારી તો અતિહર્ષિત થયો કારણ કે તે શરત જીતી ચૂક્યો હતો. તેને ૧૦૦૦ સ્વર્ણમૂદ્રા વેપારીને આપવી પડી. નંદીશ્વરને લઈ તે થાકેલા પગલે ઘરે જઈ નિરાશ થઈને પથારીમાં આડો પડ્યો.

'સૂઈ ગયા માલિક ?' નંદીશ્વરે પરમસુખને પૂછ્યું. 'હું બરબાદ થઈ ગયો. કેવી રીતે સૂઈ શકું. કાશ, મેં તારી વાત માની ન હોત' -પરમસુખ દુઃખી થઈ બોલ્યો.'તમે મને ગાળ કેમ દીધી ? મેં શું કદી તમારા વાસણ ફોડયા છે કે કોઈને સીંગડું માર્યુ છે ?.....' 'ના બેટા ના, તેં એવું કશું જ નથી કર્યુ. હવે તું અહીંથી ચાલ્યો જા' - પરમસુખને નિરાશ થઈને કહ્યું. નંદીશ્વરને પરમસુખ પર દયા આવી અને બોલ્યો-'કોઈ વાંધો નહિ, જાઓ ફરીથી શરત લગાવી દો. પરંતુ આ વખતે ૨૦૦૦ સ્વર્ણમુદ્રાની શરત લગાવજો. બસ, એક વાતનું ધ્યાન રાખજો કે મને કદી ગાળ ન આપશો.'

પરમસુખે એકવાર ફરી શરત લગાવવાની ઈચ્છાથી વેપારી પાસે પહોંચ્યો અને ૨૦૦૦ સ્વર્ણમુદ્રાની શરત લગાવી દીધી. 'લાગે છે પંડિતજી, એકવાર શરત હારવા છતાં તમારી ઈચ્છા પૂર્ણ નથી થઈ'- વેપારીએ મજાક કરતા કહ્યું. 'આ વખતે તો હું જીતી જઈશ એવો મને પૂરો વિશ્વાસ છે, માટે હું ૨૦૦૦ સ્વર્ણમુદ્રાની શરત લગાવી રહ્યો છું' - પરમસુખે જવાબ આપ્યો. 'બે હજાર,' વેપારી થોડો વિચાર કર્યા પછી બોલ્યો, 'ઠીક છે શરત મંજૂર છે.'

પછી ૫૦ ગાડીઓમાં માલ લાદી નંદીશ્વરને જોતરવામાં આવ્યો. પરમસુખ ગાડીમાં બેસી ગયો અને નંદીશ્વરને કહ્યું -હે મિત્ર ચાલ, ગાડીઓને ખેંચ. એક જ ઝટકામાં નંદીશ્વરે ગાડીઓને ખેંચવાનું શરું કર્યુ તો ગાડીઓ ખેંચાતી જ ગઈ. આ જોઈ વેપારીના તો હોંશ ઉડી ગયા.' ચમત્કાર, ખરેખર જ પરમસુખનો બળદ સૌથી વધુ બળવાન છે. ત્યાર પછી વેપારીએ શરત મુજબ પરમસુખે ૨૦૦૦ સ્વર્ણમુદ્રાઓ આપવામાં આવી. સ્વર્ણમુદ્રાઓ લઈ પરમસુખ પ્રસન્ન ચહેરે ઘરે ગયો. હવે તો તે વધુ ધનિક થઈ ગયો હતો તેથી પોતાનું જીવન સુખપૂર્વક વીતાવવા લાગ્યો.

**(શિક્ષા : મધુરભાષી બની કટ્ટર શત્રુ ઉપર પણ વિજય પ્રાપ્ત કરી શકાય છે.)**

**- મહેન્દ્ર ગાંધી**

**☺ હાસ્ય @ અગ્નિપથ ☺**

**વિધાનસભાની ચૂંટણી હતી. એક મહિલા મતદાન કરવા મતદાન પર આવી. ચૂંટણી અંગેના કર્મચારીએ મહિલાના અંગૂઠા પાસે સહીથી નિશાન કર્યું.**

**મહિલા બોલી : 'આ નિશાન કેટલા દિવસ રહેશે ?'**

**કર્મચારી : 'એક અઠવાડિયા સુધી.'**

**મહિલા : 'તો તો ભાઈ, મારા કપાળમાં નિશાન કરને જેથી આઠ દિવસ ચાંદલો કરવી કડાકૂટ મારે કરવી ન પડે.'**

# વેદનાં આલંકારિક ઉદાહરણોને સમજ્યા વગર તેના અર્થના અનર્થ કરીને પુરાણોમાં અનેક ચમત્કારપૂર્ણ વાતો લખવામાં આવી છે

**સ્વામી દયાનંદનું ચિત્ર**

મૂર્તિપૂજાના સમર્થકો ઘણી વખત આર્યસમાજજી બંધુઓને પ્રશ્ન કરે છે કે, તમે મૂર્તિપૂજાને માનતા નથી, તો પછી સ્વામી દયાનંદનો ફોટો તમારા ઘર અને આર્યસમાજોમાં શા માટે લગાડો છો ?

આ પ્રશ્નના ઉત્તરમાં નિવેદન છે કે -

- આર્યસમાજ મૂર્તિની પૂજાનો વિરોધી છે, મૂર્તિકે ફોટાનો વિરોધી નથી.

- આર્યસમાજીઓ પોતાના પૂર્વજો, મહાપુરુષો અને નેતાઓના ફોટા ઘરમાં ખૂબ જ શ્રદ્ધાથી લગાડે છે, કારણ કે તેનાથી આપણા પૂજ્ય લોકોના ઉપકારો અને વિશિષ્ટતાઓ આપણી સ્મૃતિમાં રહે છે. સાથે સાથે આપણાં ભાવિ સંતાનો પણ પૂર્વજોના જીવનથી સહજ રીતે પરિચિત થઈને તેમની વિશેષતાઓથી પ્રેરિત થાય છે.

- ઘણીવાર હોમિયોપેથીક ડૉક્ટરોની ચેમ્બરમાં ડૉ. હનીમેન અને પ્રાકૃતિક ચિકિત્સકોને ત્યા ડૉ. લુઈકુનેના ફોટા જોવા મળે છે. આપણે સૌ જાણીએ છીએ ત્યાં આ મહાન ડૉક્ટરોનાં ચિત્રો કે ફોટાની પૂજા-અર્ચના કરવામાં આવતી નથી, પરંતુ ચિકિત્સા-જગતને એક નવું વરદાન આપનારી એ વિભૂતિઓના ફોટા એક પ્રકારની કૃતજ્ઞતાનો પ્રકાશ કરવા માટે જ લગાડવામાં આવે છે. આવી જ રીતે સંસારના ધાર્મિક ક્ષેત્રમાં એક નવી દિશા પ્રદાન કરનાર યુગપુરુષ મહર્ષિ દયાનંદનો ફોટો પણ કૃતજ્ઞતાના પ્રકાશ માટે જ લગાવવામાં આવે છે, કે જેના ઉપકારોનો ફક્ત આર્યસમાજ જ નહિ, બલ્કે સમગ્ર સંસાર ઉપકૃત અને ઋણી છે.

- હા, એક આર્યસમાજીએ મહર્ષિ દયાનંદનો ફોટો રાખવો જ એવું કંઈ અનિવાર્ય નથી. એ પ્રત્યેક વ્યક્તિની ઈચ્છા અને રૂચી પર આધાર રાખે છે. આર્યસમાજના ભવનમાં પણ એવી કોઈ અનિવાર્યતા નથી, પરંતુ બધા જ આર્યોની સામૂહિક ગતિવિધિઓનું અને સ્વામી દયાનંદના ઉદ્દેશ્યોના પ્રચાર-પ્રસારનું કેન્દ્ર હોવાથી પરિચયાત્મક દૃષ્ટિએ ત્યાં મહર્ષિ દયાનંદ તેમજ તેમના સંદેશને જનતા સુધી લઈ જનારા અન્ય મહાનુભાવોનાં ચિત્રો કૃતજ્ઞતાના પ્રકાશ માટે અને પ્રચાર-સાધનો તરીકે રાખવામાં આવે છે.

**માનો તો દેવ, નહિ તો પથ્થર**

મૂર્તિપૂજાના સમર્થનમાં જ્યારે કોઈ જ યુક્તિ બચતી નથી ત્યારે આ ભાવનાનો સહારો લેવામાં આવે છે. પરંતુ ભાવનાથી કરવામાં આવતો આવો વિશ્વાસ પણ કોઈ યુક્તિસંગત સમાધાન નથી. આ તો એવી વાત છે કે, કોઈને કાંકરા ખાવા માટે ધરીએ અને જ્યારે તે ખાઈ શકે નહિ ત્યારે તેને સમજાવવામાં આવે કે ભાઈ, માનો તો સાકર છે, નહિ તો પથ્થર ! જેટલો ભેદ સાકર અને પથ્થર વચ્ચે છે તેના કરતાં અનેક ગણો મોટો ભેદ ઈશ્વર અને પથ્થર વચ્ચે છે. પથ્થર જડ છે, જ્યારે ઈશ્વર ચેતન છે. મૂર્તિના પથ્થરને આપણા આત્મા સુધી પહોંચાડી શકાતો નથી, જ્યારે ઈશ્વર તો પોતાની સર્વવ્યાપકતાથી આપણા આત્મામાં ઓતપ્રોત છે જ. પથ્થરની મૂર્તિ મનુષ્યે બનાવેલ કૃતિ છે, જેમાં કોઈ પ્રકારની ક્રિયા જણાતી નથી. એનાથી ઉત્તમ સાધન તો ઈશ્વરની આ સંસારરૂપી કૃતિ છે, જેની એક એક પ્રક્રિયાની ખોજમાં તેનું જ્ઞાન દૃષ્ટિગોચર થાય છે. ધારો કે એક માણસ શરબતને બદલે ભૂલથી નશીલી દવા પી લે છે, તો શું તેણે શરબત માનીને નશીલી દવા પીધી હોવાથી તેને નશો નહિ ચઢે ? કોઈ પણ જીવ દુઃખની ભાવના તો કદી કરતો નથી, છતાં પણ દુઃખ આવે છે.

આર્યસમાજનું કહેવું છે કે ભાવના પણ બુદ્ધિપૂર્વક હોવી જોઈએ. શિક્ષણ વાણિજ્યનું લેવું અને ભાવના ડૉક્ટર બનવાની કરવી એ ક્યાં સુધી યોગ્ય છે ? જે પદાર્થ જેવો હોય તેને તેવો જ માનવો તેનું નામ ભાવના છે. માટે પથ્થર આદિ જડ મૂર્તિઓમાં ભાવના કરવાથી પરમાત્મા સિદ્ધ થાય એ અસંભવ છે.

## આર્યસમાજની માન્યતાઓ

લેખક : ગજાનંદ આર્ય ૧૫ અનુ. - ભાવેશ મેરજા, ભરૂચ

**ચમત્કાર**

સંસારમાં જેટલા મત-સંપ્રદાયો ફેલાયા છે એ સૌથી વિચિત્ર માન્યતાઓ અને કહેવાતા ભગવાનોની સાથે ઘટતી ચમત્કારપૂર્ણ ઘટનાઓનો તો જાણે કે આજકાલ અંબાર લાગેલ છે. ચમત્કારોની હરીફાઈમાં દરેક સંપ્રદાયે પોતપોતાની ગપો એક એકથી વધારીને હાંકી છે. વેદનાં આલંકારિક ઉદાહરણોને સમજ્યા વગર તેના અર્થના અનર્થ કરીને પુરાણોમાં અનેક ચમત્કારપૂર્ણ વાતો લખવામાં આવી છે. યોગશાસ્ત્રને પણ અનેક જાતના ચમત્કારોથી આચ્છાદિત કરી દીધું છે. પથ્થરની સ્ત્રીને અહલ્યા બનાવી દીધી એવાં અનેક કાલ્પનિક ઉદાહરણો આપણા વૈદિક સાહિત્યમાં ઘુસાડી દેવામાં આવ્યાં છે.

આર્યસમાજ આવાં ચમત્કારિક ગપોડાથી જનતાને સાવધાન કરીને, આપણી ભારતીય સંસ્કૃતિ અને ઈતિહાસને બુદ્ધિગમ્ય અને વાસ્તવિક બનાવવા ઈચ્છે છે.

**ગાયત્રી મંત્ર (ગુરુમંત્ર)**

વેદોમાં લગભગ વીસ હજારથી પણ વધારે મંત્રો છે, જેમાંનો એક મંત્ર ગાયત્રી મંત્ર છે. આ મંત્રનો છંદ ગાયત્રી છંદ હોવાથી તે 'ગાયત્રી મંત્ર' તરીકે ઓળખાય છે. વેદોના બીજા ઘણા મંત્રો ગાયત્રી છંદમાં જ છે, પરંતુ 'ગાયત્રી મંત્ર' તરીકે આ મંત્ર પ્રસિદ્ધ થયો છે. વેદમાં આ મંત્રનો દેવતા (પ્રતિપાદ્ય વિષય) 'સવિતા' છે, માટે તેનું એક નામ 'સાવિત્રી મંત્ર' પણ છે.

મહર્ષિ દયાનંદે આ મંત્રને 'મહામંત્ર' પણ કહ્યો છે. જેવી રીતે દૈનિક કરવામાં આવતા બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, અતિથિયજ્ઞ અને બલિવૈશ્વદેવયજ્ઞને પંચમહાયજ્ઞો કહેવામાં આવે છે, ઠીક એવા જ તાત્પર્યથી આ મંત્રને પણ મહામંત્ર કહેવામાં આવે છે. પંચમહાયજ્ઞ દરરોજ પ્રત્યેક ઘરમાં થતા હોવાથી ઘણી મોટી સંખ્યામાં થાય છે. માટે ક્યારેક ક્યારેક કરવામાં આવતા યજ્ઞોની તુલનામાં દરરોજ કરવામાં આવતા આ યજ્ઞો 'મહાયજ્ઞો' છે. આવી જ રીતે વિદ્યારંભ વખતે ગુરુકુળના આચાર્ય દ્વારા આપવામાં આવતો આ ગુરુમંત્ર અર્થાત્ ગાયત્રી મંત્ર પ્રત્યેક દ્વિજ માટે નિત્ય સ્મરણ અને મનનનો મંત્ર છે. આમ સૌથી વધુ બોલાતો હોવાથી તેમ જ મહાવ્યાહૃતિઓ (ભૂઃ, ભુવઃ, સ્વઃ) સાથે સંકળાયેલ હોવાથી આ મંત્ર 'ગુરુમંત્ર' છે.

જે રીતે દરેક રાષ્ટ્રને પોતાનું એક રાષ્ટ્રિય ગીત હોય છે - ભલે પછી એ ગીતની સમકક્ષ કે તેનાથી શ્રેષ્ઠ બીજું ગીત ઉપલબ્ધ હોય - એ રીતે ગાયત્રી મંત્રને આપણે આર્યોએ મહામંત્ર અથવા ગુરુમંત્રનું નામ આપ્યું છે. વૈદિક પ્રણાલીમાં બાળક જ્યારે વિદ્યાપ્રાપ્તિ માટે આચાર્યની ગોદમાં જાય છે, ત્યારે આચાર્ય સૌપ્રથમ પોતાના શિષ્યને આ ગાયત્રી મંત્ર બોલાવીને વિદ્યાપ્રાપ્તિના અધિકારી તરીકે તેનો સ્વીકાર કરે છે. આ મંત્ર અત્યંત સરળ છે અને તેમાં રહેલી ભાવના અને પ્રાર્થના ખૂબ જ ઉત્કૃષ્ટ છે. આ ગુરુમંત્રમાં પ્રભુને સમર્પિત થવાની ભાવના છે અને જીવનની સૌથી મૂલ્યવાન વસ્તુ એવી બુદ્ધિની ઉત્તમતાની પ્રાર્થના કરવામાં આવી છે. આ પ્રાર્થના પણ વ્યક્તિગત એકવચનમાં નથી, પરંતુ બહુવચનમાં કરવામાં આવી છે. આ ભાવનાને નજરમાં રાખીને આર્યસમાજનો નવમો નિયમ ઋષિ દયાનંદે આ મુજબ રાખ્યો છે : "પ્રત્યેક મનુષ્યે પોતાની ઉન્નતિથી જ સંતુષ્ટ ન રહેવું જોઈએ, પરંતુ સર્વેની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઈએ."

જેવી રીતે ઈશ્વરની આ સૃષ્ટિમાં સૂર્ય, વાયુ, જલ વગેરે પર સૌનો સમાન અધિકાર છે, તેવી જ રીતે પ્રભુને સમર્પિત થઈને સદ્બુદ્ધિની પ્રાર્થના કરવાનો અધિકાર પણ મનુષ્યમાત્રને છે. આ જ વિચારથી પ્રેરિત થઈને આર્યસમાજ આ મંત્રને સર્વાધિક પ્રચારિત કરે છે. આર્યસમાજની માન્યતા છે કે આવા વેદમંત્રો માટે દેશ, કાળ, ઊંચ, નીચ, બાળક, વૃદ્ધ, સ્ત્રી, પુરુષ વગેરેના ભેદ ઊભા કરવા એ અયોગ્ય અને અસંગત છે.

કોઈ મંત્ર ફક્ત બોલી દેવા માત્રથી જ શુભ-અશુભ ફળ આપી શકતો નથી, પરંતુ એ મંત્રમાં રહેલી ભાવના અનુસાર આચારવિચાર કરવાથી જ ફળ પ્રાપ્ત થઈ શકે છે. આ વાત સમજાવી, તેનો પ્રચાર કરી આ ગાયત્રી મંત્રને તમામ લોકો સુધી લઈ જવાને આર્યસમાજ પોતાનું કર્તવ્ય માને છે, જેથી યુગોથી ફેલાયેલી મિથ્યા ધારણા કે 'ફક્ત દ્વિજ જ આ મંત્રનું ઉચ્ચારણ કરી શકે, અને બીજા બધા માટે આ મંત્ર નિષિદ્ધ છે' એ માન્યતા દૂર થઈ જાય અને બધા લોકો આ પવિત્ર મંત્રની ભાવના મુજબ પોતાના આચારવિચારને શુદ્ધ બનાવે. આ મંત્રની ભાવના અનુસાર જીવવાથી અને ચિંતન કરવાથી સંસારભરમાં બુદ્ધિવાદ અને જ્ઞાન-વિજ્ઞાનનો પ્રસાર થઈને લોકોની સુખ-સમૃદ્ધિ અને ઉન્નતિનો માર્ગ પ્રશસ્ત થઈ શકે છે.

**ગંગા**

આર્યસમાજ ગંગા નદીને એક નદી સ્વરૂપે માને છે. ગંગાનાં પાણીમાં જે ગુણ રહેલા છે તેને પણ માને છે, પરંતુ ગંગા આપણાં પાપ ધૂએ છે અને દુઃખોમાંથી તારે છે એ વાતનો સ્વીકાર આર્યસમાજ કરતો નથી.

'ગંગા' શબ્દનો ઉલ્લેખ વેદોમાં પણ થયેલો જોવા મળે છે, પરંતુ ત્યાં તેનો પ્રયોગ શરીરમાં રહેલી નાડીઓના અર્થમાં થયેલો છે. નાડીઓ દ્વારા યોગાભ્યાસપૂર્વક ઈશ્વરની ઉપાસના કરવાથી મનુષ્ય દુઃખોથી તરી જાય છે. આવા વાસ્તવિક અર્થને ત્યજીને આજે નદી વગેરેને તીર્થ માની લેવામાં આવ્યાં છે.

(ક્રમશઃ)

> આર્યસમાજનું કહેવું છે કે ભાવના પણ બુદ્ધિપૂર્વક હોવી જોઈએ. શિક્ષણ વાણિજ્યનું લેવું અને ભાવના ડૉક્ટર બનવાની કરવી એ ક્યાં સુધી યોગ્ય છે ? જે પદાર્થ જેવો હોય તેને તેવો જ માનવો તેનું નામ ભાવના છે.

# વ્યવહારમાં જે મન-ઈન્દ્રિયો પર સંયમ ન રાખે, નિયંત્રણ ન કરે તો તે અસત્ય વ્યવહાર હોવાથી તેને દંડ મળશે

## સત્યોપદેશ

ઉપદેશક - સ્વામી સત્યપતિજી
અનુ.- જયાબેન પોરિયા (યુકે) ૨૦



**વ્યવહાર**

૧૪. જે કાર્ય જે ક્રમથી હોવું જોઈએ તેને તે ક્રમથી કરવું તે જ બુદ્ધિમત્તા છે. ઈશ્વર પ્રાપ્તિ કરવા પહેલાં વિવેક-વૈરાગ્ય, સાવધાની, સતર્કતા, ગંભીરતા હોવી તે ક્રમ છે. મીમાંસાના પાંચમાં અધ્યાયમાં તેની ચર્ચા કરવામાં આવી છે.

૧૫. જે વ્યક્તિ વૃદ્ધો અને વિદ્વાનોની સેવા કરે છે તેનું આયુષ્ય, વિદ્યા, યશ, બળ - આ ચારેય વધે છે કારણ કે વિદ્વાન લોકો તેને હરતા-ફરતાં, ઉઠતા-બેસતા આદિ સર્વ પ્રકારના વ્યવહાર શીખવે છે. જે સેવા નથી કરતાં તેમના આ ચારેયનો નાશ થાય છે. વ્યક્તિને જ્યારે જિજ્ઞાસા થાય છે ત્યારે શીખવનારથી અથવા ઋષિકૃત-ગ્રંથોથી શીખી શકે છે.

૧૬. સર્વ કામ ધર્માનુસાર અર્થાત સત્યાસત્યનો વિચાર કરીને કરવાં જોઈએ. અર્થાત્ શું સત્ય છે, શું અસત્ય છે તે સર્વ કાર્યોમાં જોવું જોઈએ.

૧૭. વ્યવહારમાં જો મન-ઈન્દ્રિયો પર સંયમ ન રાખે, નિયંત્રણ ન કરે તો તે અસત્ય વ્યવહાર હોવાથી દંડ મળશે.

૧૮. બીજા સાથે વ્યવહાર કરતી વખતે સામેવાળાને પોતાના આત્માની તુલ્ય માનવા અને આપણે બધાં ઈશ્વરના સંતાનો છીએ, એવી ભાવના રાખીને જ વ્યક્તિ ઉચિત વ્યવહાર કરી શકે છે. અન્યથા તેનો યોગાભ્યાસ તો વ્યર્થ થઈ જશે.

૧૯. સામેવાળો જો હઠ કરે, માને નહીં તો તે તેનો વ્યવહાર છે. પરંતુ તેના વ્યવહારના કારણે પોતાના વ્યવહારને બગાડવો ન જોઈએ અને તેને પણ પોતાના માનીને શીખવવવાનું છે.

૨૦. સામેવાળો વિપરિત વ્યવહાર, દુર્વ્યવહાર અથવા ઉલ્ટો વ્યવહાર કરે, ત્યારે પણ મનમાં તેના પ્રત્યે મિત્રતાનો ભાવ રાખવો, આ અહિંસાનું પાલન છે, આ જ ધર્મ છે.

૨૧. મૈત્રી, કરૂણા, મુદિતા, ઉપેક્ષામાં ઉપેક્ષાનો અર્થ એ નથી કે તે અમુક વ્યક્તિને, જે વિપરિત વ્યવહાર કરે છે તેની તરફ અપ્રિતી કરવી, તેની અવનીતિ ઈચ્છવી બલ્કિ તેના ઉપર પણ પ્રીતિ કરવી, અને તેની ઉન્નતિની કામના પણ કરવી.

૨૨. જો સામેવાળો પોતાનું કોઈ કર્તવ્ય ન નિભાવે તો એમ ન થવું જોઈએ કે તે નથી કરતો તો તેનું કાર્ય હું ન કરી આપું. મનમાં પણ એમ ન થવું જોઈએ કે આ સારો માણસ નથી કારણ કે તેના વ્યવહારથી બીજાને કષ્ટ પહોંચે છે. એવું કરતાં-માનતા રહી આપણે તેના પ્રત્યે ન્યાય-અહિંસાનું પાલન નથી કરી રહ્યાં તેથી ત્યાં તેનાં કર્તવ્યની તેને જાણ કરાવવી તે આપણું કર્તવ્ય છે. જાણ કરાવતી વખતે તેના પ્રત્યે હિતની ભાવના રાખી, મધુર અને સરળ ભાષા વાપરવી જોઈએ. તેને કર્તવ્ય પાલન કરવાની નુકશાની અને લાભ, કર્તવ્યોને કેવી રીતે નિભાવવા વગેરે બતાવવું. તે પણ જણાવવું કે કેવી રીતે સમયનો સદુપયોગ કરી કાર્યને કરવું- આ જ આદર્શ વ્યવહાર છે.

૨૩. વ્યક્તિ પોતે અને પોતાના સંબંધિત વ્યક્તિનું માનસિક,વાચનિક અને શારીરિક વ્યવહારોથી જીવનને યા તો સુધારે છે અથવા બગાડે છે. આ વિષયમાં પોતાનું આત્મનિરીક્ષણ કરતાં રહેવું. તેમાં એક રીત એ છે કે જેમ પોતાને માટે સુખ અને સુખ-સાધન ઈચ્છે, તથા દુઃખ અને દુઃખના સાધનને હેય-ત્યાજ્ય માને, તેવું જ બીજા માટે ઈચ્છવું. આ રીતે સ્વયંને તેમ જ પોતાનાથી સંબંધિત વ્યક્તિની સાથે નાસિક-વાચનિક વ્યવહારોને ઉચિત બનાવે છે. (ક્રમશઃ)

# येन द्यौरुग्रा पृथिवी च दृढ़ा येन स्वः स्तभितं येन नाकः। यो अन्तरिक्षे रजसो विमानः कस्मै देवाय हविषा विधेम॥

(यजु.अ. ३२ / मं. ६)

**ऋषि दयानंद वेद-पदार्थ, भावार्थ, व्याख्यान प्रदीप**

१५ संकलन : स्वामी ध्रुवदेवजी परिव्राजक
उपाध्याय, दर्शन योग महाविद्यालय, रोजड़

**पदार्थ (१) :-**

(**येन**) जिस जगदीश्वर ने (**उग्रा**) तीक्ष्ण स्वभाव वाले या तीव्र तेज वाले (**द्यौः**) प्रकाशयुक्त सूर्यादि पदार्थ और (**पृथिवी**) भूमि (**दृढ़ा**) दृढ़ की है या धारण की है (**येन**) जिस जगदीश्वर ने (**स्वः**) सुख को (**स्तभितं**) धारण और (**येन**) जिसने (**नाकः**) सब दुःखों से रहित मोक्ष को धारण किया है (**यः**) जो (**अन्तरिक्षे**) मध्यवर्ती आकाश में वर्तमान (**रजसः**) सब लोक लोकान्तरों को (**विमानः**) विशेष मानयुक्त अर्थात् जैसे आकाश में पक्षी उड़ते हैं, वैसे सब लोकों का निर्माण करता और भ्रमण कराता है, हम लोग उस (**कस्मै**) सुखदायक (**देवाय**) कामना करने के योग्य परब्रह्म की प्राप्ति के लिए (**हविषा**) सब सामर्थ्य से (**विधेम**) विशेष प्रेमभक्ति करें या सेवा करें।

(सं.वि + ऋ. दया. कृत यजुर्वेदभाष्य)

**भावार्थ :-**

ईश्वर मन्त्र द्वारा उपदेश देते हैं - हे मनुष्यों ! जो समस्त जगत् का धर्ता, सब सुखों का दाता, मुक्ति का साधक, आकाश के तुल्य व्यापक परमेश्वर है उसी की भक्ति करो। (ऋ. दया. कृत यजुर्वेदभाष्य अ.३२/मं.६)

**टिप्पणी :-**

(क) ईश्वररचित सूर्य प्रति सैकण्ड जो ऊर्जा फेंकता है उसका दो अरबवाँ भाग ही पृथ्वी के हिस्से में आता है। यदि मानव इसका १०,००० वाँ भाग भी उपयोग में ले तब भी ऊर्जा की समस्या हल हो सकती है। इस ऊर्जा के उत्सर्जन में सूर्य प्रति सैकण्ड लगभग ४० टन वजन खो देता है ऐसा बताते हैं।

(ख) हमारी आकाश गंगा में कम से कम १० अरब सूर्य हैं जिनमें से प्रत्येक सूर्य का भार हमारे सूर्य से अधिक है ऐसा बताते हैं। हमारी आकाशगंगा के समान अरबों आकाशगंगाएँ आकाश में हैं इनका रचयिता व धारक ईश्वर है।

(ग) पृथिवी का द्रव्यमान = दस अरब का ६६०० अरब गुना टन बताया जाता है।

(घ) ज्येष्ठा नक्षत्र का व्यास हमारे सूर्य से ४५० गुना बताया जाता है। हमारे सूर्य जैसे ६ करोड़ सूर्य एक साथ मिलाये जाय तो ज्येष्ठा नक्षत्र बनेगा। १३ लाख पृथिवियों को एक साथ मिलाने से सूर्य बनता है।

(ङ.) विज्ञान ज्योतिषियों का कहना है कि एक खरब से ऊपर निहारिकाएँ या आकाशगंगाएँ तो हमने गिनी हैं।

(च) ईश्वर की व्यवस्था से पृथ्वी अपने ध्रुवीय अक्षों पर घूमते हुए २३ के कोण पर झुकी रहती है जिससे ऋतुओं में नियमितता आती है। पृथ्वी के अपने अक्ष पर घूमते रहने के कारण उसका बसने योग्य क्षेत्रफल दुगुना हो गया है ऐसा बताते हैं।

(छ) सूर्य से बाहर निकलने वाली ज्वालाओं में सबसे बड़ी ज्वाला की लम्बाई ५.८८ लाख किलोमीटर नापी गयी है।

(ज) पृथ्वी के चारों ओर गैसों का वायुमण्डल काफी ऊँचा (५०० मील) व इतना घना है कि वह तीस मील प्रति सेकण्ड के हिसाब से प्रतिदिन गिरने वाले दो करोड़ उल्काओं के घातक प्रभाव से पृथ्वी को बचा लेता है। यह वायुमण्डल तापमान को ऐसी सीमा तक सीमित रखता है कि जिनमें प्राणी जीवित रह सकें। यह ईश्वरीय सुरक्षा व्यवस्था है। उल्काओं की सबसे भारी वृष्टि १६,१७ नवम्बर १८७७ ई. की रात को देखने को मिली ऐसा बताया जाता है।

(स) ईश्वर पृथिवी व सूर्य का परिमाणकर्ता है। उनके आकार का निर्धारण ईश्वरकृत है। यदि पृथिवी का आकार इतना छोटा होता जितना चन्द्रमा का अर्थात् वर्तमान व्यास से उसका व्यास केवल एक चौथाई होता तो गुरुत्वाकर्षण शक्ति न वायुमण्डल को सम्भाल पाती न पानी को और तापमान भी इतना सीमातीत होता कि जीवन धारण करना कठिन हो जाता । यदि पृथिवी का व्यास वर्तमान व्यास से दुगुना हो जाय तो गुरुत्वाकर्षण शक्ति के दुगुना होने से वायुमण्डल की ऊँचाई खतरनाक रूप से घट जायेगी व उसका दबाव भी बढ़ जायेगा जिसका जीवन पर गम्भीर घातक असर पड़ेगा। सर्दी वाले क्षेत्र बहुत बढ़ जायेंगे। मानव समुदाय के विभिन्न वर्ग अलग-थलग पड़ जायेंगे और यात्रा करना या संचार साधनों का प्रयोग करना सर्वथा कठिन व लगभग असम्भव हो जायेगा ऐसा बताते हैं।

(ञ) यदि पृथिवी का आकार सूर्य जितना बड़ा हो जाय व घनता ज्यों की त्यों रहे तो इसकी गुरुता १५० गुनी बढ़ जायेगी। वायुमण्डल की ऊँचाई घटकर केवल ४ मील रह जायेगी। पानी का भाप बनकर उड़ना असम्भव हो जायेगा। मानवों का आकार इतना छोटा हो जायेगा जैसे गिलहरी का ऐसा बताया जाता है।

(ट) पृथिवी व सूर्य के बीच की दूरी भी ईश्वर द्वारा निर्धारित है। यदि सूर्य की दूरी वर्तमान दूरी से दुगुनी हो जाये तो सर्दियों के मौसम लम्बाई में दुगुने हो जायेंगे। सब प्राणी ठण्ड के मारे मर जायेंगे। यदि सूर्य की दूरी वर्तमान दूरी से आधी होवे तो गर्मी के मौसम लम्बाई में चौगुने हो जायेंगे व सब प्राणी जल-भुन जायेंगे ऐसा बतलाते हैं।

# જ્યાં સુધી આ ગુરુડમ, પાખંડ અને અંધવિશ્વાસ અવિદ્યાને વગેરે દૂર કરીશું નહિ, ત્યાં સુધી દેશમાં સુખ અને શાંતિ સ્થાપી નહિં શકાય

જ્યારથી આર્ય સમાજના મંચ ઉપરથી અસત્ય, અવિદ્યા, અંધવિશ્વાસનું ખંડન કરવાનું ઓછું કરી નાખ્યું છે - ત્યારથી અવિદ્યા, અંધકાર, અંધવિશ્વાસ, ગુરુડમ, પાખંડ, ઢોંગ, જડપૂજા અને ધ્વજપૂજા અને દરરોજ નવા ગુરુઓ અને ભગવાન પેદા થઈ ગયા છે. આપણે દરરોજ સમાચાર પત્રમાં તથા બીજી રીતે આવા ગુરુઓ અને ભગવાનોના ચમત્કારની વાર્તાઓ સાંભળીએ છીએ. દાખલા તરીકે સાંઈબાબાના વાળમાંથી ભભૂતિ નીકળે છે. અને આ ભભૂતિની રાખથી મનુષ્યના બધા રોગ દૂર થાય છે. એચ.એમ.ટી. ની ઘડિયાળ હવામાંથી પેદા કરવી. લોખંડમાંથી ચાંદીના ઘરેણા બનાવવા, જામનગરમાં સમુદ્ર કિનારાની રેતીમાંથી સોનાની મૂર્તિ કાઢી બતાવી હતી. એવા એવા ચમત્કારોની વાર્તાઓ સંભળાયા કરે છે. ગુરુના દર્શન માત્રથી બધાં પાપ નષ્ટ થાય છે, ગુરુજી મડદાને પણ જીવાડી દે છે, ગુરુની વિરુદ્ધ બોલવાથી સર્વનાશ થઈ જાય છે. ગુરુજી બધા રોગ મટાડી દે છે, આવી આવી કલ્પનાઓ આપણે દરરોજ સાંભળીએ છીએ.

આ સંસારનો મનુષ્ય આજે સુખ, શાંતિ અને આનંદને ગુમાવીને અસંખ્ય દુ:ખોમાં ફસાયેલો છે. એનું મૂળ કારણ એ જ છે કે આપણે પરમપિતા પરમાત્મની ઉપાસના છોડી દીધી છે અને જેનો જન્મ થાય છે અને મૃત્યુ પણ થાય છે એવા મનુષ્યોની ઉપાસના શરૂ કરી છે.

સંસારમાં જૂનામાં જૂનું પુસ્તક વેદ છે. પરમપિતા પરમેશ્વરે સૃષ્ટિની શરૂઆતમાં માનવ માત્રના કલ્યાણ માટે અગ્નિ, વાયુ, આદિત્ય અને અંગિરા નામના ચાર ઋષિઓના અંત:કરણમાં ચારે વેદોનું જ્ઞાન આપ્યું. વેદમાં કહેવામાં આવ્યું છે કે આપણે કેવળ એક જ પરમાત્માની ઉપાસના કરવી જોઈએ. બીજા કોઈની ઉપાસના કરવી નહિં. સામવેદમાં એક મંત્ર છે -

ઓ ઈન્દો વો વિશ્વતસ્પરિ હવામહે ।
જનેભ્ય: અસ્માકમસ્તુ કેવલ: ॥

અર્થ - (વિશ્વત:) અમે બધા દૃષ્ટિકોણથી અભ્યુદય અને નિ:શ્રેયસ બંને વિચારોથી (જનેભ્ય: પરિ) જન્મ મરણના બંધનમાં આવનાર મનુષ્યો સિવાય (વ: ઈન્દ્રમ્) તમને બધાને પરમ ઐશ્વર્ય પ્રદાન કરનાર તે પ્રભુને જ (હવામહે) પોકારીએ છીએ અને ઈચ્છા રાખીએ છીએ કે (અસ્માકમ્) અમારો તો (કેવલમ્ અસ્તુ) તે પ્રભુ જ એક માત્ર ઉપાસના કરવા યોગ્ય થાઓ અને તે

## મોટો કોણ ? પરમાત્મા કે ગુરુ ?

લેખક : જગદિશચંદ્ર 'વસુ' ૧ અનુ. - વૈદ્ય મહેન્દ્રનાથ વેદાલંકાર

પ્રભુની સાથે બીજા કોઈની ઉપાસનાને શામેલ ન કરીએ. આજના જમાનામાં મત-મતાંતરના લોકો પોતપોતાના પૈગંબરોને ઉપાસના માટે શામેલ કરી દે છે. દાખલા તરીકે -

પારસીઓ - જરથુષ્ટ્ર, યહૂદીઓ - હજરત મૂસા, જૈનો - મહાવીર સ્વામી, બૌદ્ધો - મહાત્મા બુદ્ધ, ખ્રિસ્તીઓ - ઈશુ ખ્રિસ્ત, ઈસ્લામ - મહંમદ સાહેબ, કબીરપંથી - કબીર, શીખ - ગુરુનાનક, પૌરાણિકો - શ્રીરામ, શ્રીકૃષ્ણ, શંકર, હનુમાન અને બીજા દેવ દેવીઓને, બ્રહ્માકુમારી મતવાળા - દાદાલેખરાજ, રાધા સ્વામી મતવાળા રાધાસ્વામીને ઉપાસનામાં ભગવાનની સાથે શામેલ કરી દે છે. એમના વગર આ લોકોની ઉપાસના પદ્ધતિ અધૂરી જ રહે છે, એમ તેઓ માને છે. પરંતુ વેદ ભગવાન કહે છે કે (જનેભ્ય: પરિ) જન્મ મરણના બંધનમાં આવનાર મનુષ્યોને ત્યજીને કેવળ એક પ્રભુની જ અમે ઉપાસના કરીએ છીએ, બીજા કોઈની ઉપાસના કરતા નથી. ચારે વેદોમાં આ જાતના ઘણા મંત્ર છે કે જેમાં કેવળ પરમેશ્વરની જ સ્તુતિ, પ્રાર્થના, ઉપાસના અને આરાધનાનું વિસ્તારથી વર્ણન કરેલ છે.

**આજે આ આર્યાવર્ત (ભારત) દેશમાં એક પરમેશ્વરની ઉપાસનાને ત્યજીને ગુરુઓની સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના જ લોકો કરવા લાગ્યા છે. આ કારણને લીધે જ આપણે ઘણી જાતના કષ્ટ, દુ:ખ, કલેશ અને વિપત્તિઓમાં ફસાઈને પોતાના જીવનના શાન્તિ, સુખ અને આનંદને ગુમાવી બેઠા છીએ.**

આજે આ આર્યાવર્ત (ભારત) દેશમાં એક પરમેશ્વરની ઉપાસનાને ત્યજીને ગુરુઓની સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના જ લોકો કરવા લાગ્યા છે. આ કારણને લીધે જ આપણે ઘણી જાતના કષ્ટ, દુ:ખ, કલેશ અને વિપત્તિઓમાં ફસાઈને પોતાના જીવનના શાન્તિ, સુખ અને આનંદને ગુમાવી બેઠા છીએ. આજે ગુરુડમ્, પાંખડ પૂર બહારમાં છે. જ્યાં સુધી આ ગુરુડમ, પાખંડ અને અંધવિશ્વાસ અવિદ્યાને વગેરે દૂર કરીશું નહિ, ત્યાં સુધી દેશમાં સુખ અને શાંતિ સ્થાપી નહિં શકાય.

ઘણી વખતે એવી વાત રજૂ કરવામાં આવે છે કે જો કોઈ સમયે પરમપિતા પરમાત્મા અને ગુરુ એકી સાથે ભેગા થઈ જાય અને આપણી સમક્ષ હોય ત્યારે પહેલાં કોને અભિવાદન કરવું જોઈએ ? આવો પ્રશ્ન જ અર્થ વગરનો છે અને હસી કાઢવા જેવો છે. પરમપિતા પરમાત્મા બધા ગુરુઓના પણ ગુરુ છે. તે બધી જગ્યાએ વ્યાપક અને સર્વાન્તર્યામી છે. મનુષ્યનો મનુષ્યરૂપી ગુરુ તો એક દેશી છે. (એક જગ્યાએ રહે તેવો છે.) તેનાં દર્શન તો આપણી આ ચર્મચક્ષુઓથી પણ થઈ શકે છે.

આ બાબત માટે ઋગ્વેદનો એક મંત્ર છે. જેનો અર્થ નીચે મુજબ છે.

તે પરમાત્મા સૃષ્ટિની શરૂઆતના ગુરુઓનો પણ ગુરુ છે. સંસારના બધા ગુરુઓ કાળ ભગવાનનો કોળિયો બની જાય છે. પરંતુ પરમપિતા પરમાત્મા તો કાલાતીત છે - કાળથી પર છે. કાળનો પણ કાળ છે. પરમાત્મા સત્યનો ઉપદેશક છે. મનુષ્ય અલ્પજ્ઞ છે. મનુષ્ય કોઈ પણ સમયે પૂર્ણ જ્ઞાની બની શકતો નથી. તેને ભ્રમ થઈ શકે છે. તેને કોઈને ઠગવાની ઈચ્છા પણ થઈ શકે છે. દગો પણ દઈ શકે છે. ચેલા અને ચેલીઓ બનાવીને તેમનું આર્થિક શોષણ પણ કરે છે. પોતે જ ભ્રમમાં હોવાથી બીજાઓને પણ ભ્રમમાં નાખી શકે છે. પરંતુ પરમાત્મા સત્ય સ્વરૂપ છે, તેનામાં અસત્યનો અંશ પણ નથી. તે સર્વજ્ઞ છે. સત્ય જ્ઞાનનો ઉપદેશ આપનાર છે. **(ક્રમશ:)**

# આર્યવીર દળનું સ્વરૂપ અને લક્ષ્ય

આર્યવીર દળ - આર્યસમાજ સંબંધિત એક પ્રાચીન સંસ્થા છે જેનો ઉદ્દેશ્ય માનવતાના નાતે માનવમાત્રની ભેદભાવ વિના વિશ્વધારા વૈદિક સંસ્કૃતના આદર્શ અનુસાર રક્ષા-સેવા, સહાયતા તેમજ કલ્યાણ કરવાનું છે. જ્યાં સુધી બ્રહ્મશક્તિ અને ક્ષાત્રશક્તિ પરસ્પર મળી ન ચાલે ત્યાં સુધી રાષ્ટ્ર તો શું કોઈ વ્યક્તિનું જીવન પણ ઉન્નત, સુરક્ષિત અને અનુકરણીય બની નથી શકતું. આથી પરિવાર-સમાજ અને રાષ્ટ્રને દરેક રીતે અર્થાત્ શારીરિક,માનસિક તેમજ આત્મિક રુપે રોગમુક્ત, ભ્રમમુકત તથા અન્ધવિશ્વાસોથી દૂર રાખી સત્યજ્ઞાનમૂલક સર્વહિતકારી સિદ્ધાંતોને મૌખિક તથા ઉત્તમ સાહિત્ય દ્વારા પ્રચાર કરવો. આનાથી પણ વિશેષ પોતાના જીવનને વેદમય બનાવી જનસેવામાં લાગી જવું. આ જ કુમારો અને યુવકોની જીવન સાધના છે.

આર્ય કોણ? આર્ય શબ્દ 'ऋ गतौ' ધાતુથી બન્યો છે જેનો અર્થ છે ગતિ, જ્ઞાન અને પ્રાપ્તિ. આથી જે ક્રિયાવાન, જ્ઞાનવાન અને પ્રગતિશીલ હોય તેને જ આર્ય કહેવાય. આર્યનો અર્થ જિતેન્દ્રિય પણ થાય છે અર્થાત્ ઈન્દ્રિઓ અને મનનો સ્વામી. આર્યને 'ईश्वर का पुत्र' પણ કહેવાય છે અર્થાત્ ઈશ્વરને પોતાના સાચા પિતા જાણી-માની તેના આદેશ-નિર્દેશાનુસાર ચાલનારને આર્ય કહેવાય છે. મહર્ષિ દયાનંદ સરસ્વતી અનુસાર 'आर्याः श्रेष्ठगुणकर्मस्वभावयुक्त मनुष्याः' અર્થાત્ શ્રેષ્ઠ ગુણ, કર્મ, સ્વભાવવાળા મનુષ્યને આર્ય કહેવાય.

શ્રી અરવિંદ ઘોષજીની દૃષ્ટિમાં આર્ય શબ્દથી એક સામાજિક તથા નૈતિક આદર્શ, એક મર્યાદિત જીવન, ઉદારતા, નમ્રતા, સજ્જનતા, સરળતા,સાહસ, સૌજન્ય પવિત્રતા, માનવતા, નિર્બળોની સહાયતા, સામાજિક કર્તવ્યોનું અનુષ્ઠાન, જ્ઞાનપ્રાપ્તિની ઉત્કંઠા ઈત્યાદિ ગુણોનો બોધ થાય છે. માનવીય ભાષામાં અન્ય કોઈ શબ્દ નથી જેનો ઈતિહાસ આનાથી ઉચ્ચ હોય. પવિત્ર વેદમાં 'कृण्वन्तो विश्वमार्यम्' નો નિર્દેશ છે. આવા પવિત્ર અને ઉચ્ચ ભાવોથી ભરપુર સાર્થક શબ્દને ગ્રહણ કરી સાધનાયુક્ત જીવન વિતાવવાનો ઉદ્દેશ હોવો જોઈએ. આથી પ્રત્યેક આર્યની જીવન-દિનચર્યા ઉત્તમ અને અનુકરણીય હોવી આવશ્યક છે.

અન્યત્ર પણ કહેવાયું છે -

**कर्तव्यमाचरन् काममकर्तव्यमनाचरन् ।**
**तिष्ठति प्रकृताचारे यः स आर्य इति स्मृतः ॥**
**यथा शास्त्रं यथाचारम् यथा कामं, यथास्थितम् ।**
**व्यवहारमुपादत्ते यः स आर्य इति स्मृतः ॥**

જે સ્વભાવથી જ કરવા યોગ્ય કાર્ય કરે છે અને ન કરવા યોગ્ય કરતો નથી. શાસ્ત્ર અનુસાર જ જેની આચાર-વ્યવહાર અને કામનાઓ હોય તેને આર્ય કહેવાય.

હવે વીર કોને કહેવાય? આ સંબંધી વેદમાં એક મંત્રનું પ્રથમ ચરણ પ્રસ્તુત કરવામાં આવે છે. આશા છે વીરના સ્વરુપનો સાચો બોધ પ્રાપ્ત કરવામાં મુશ્કેલી નહીં પડે.

**[2]दि वीरो अनुस्यादग्निमिन्धीत्मर्त्यः ।**

साम २/८२

અર્થ : જો (मर्त्यः) મનુષ્ય (अग्निम्) યજ્ઞની આગ (इन्धीत) પ્રદીપ્ત કરી લે (अनु) તો તે તુરત (वीरःस्यात्) વીર થઈ જાય છે. જીવન નામ જ વીરતાનું છે. જે પોતાના માટે વિચારી નથી શકતો, દિલમાં આવેલ વાત કહી નથી શકતો, કહે છે પણ કરતો નથી તે મનુષ્ય જીવતો હોવા છતાં મૃતસમાન છે. વેદનો એક મંત્રાશ છે-अप्रतीतो जयति अ-प्रति-इतः જે પાછળ નથી હટતો તે પુરુષાર્થી મનુષ્ય(जयति) વિજય પ્રાપ્ત કરી શકે છે.

અગ્નિ તો અગ્રણી આગળ રહેવાવાળાને આગળ વધવાવાળાને કહેવાય છે. જે સદાય ઉંચો રહે જ્ઞાનમાં, બળમાં, ચરિત્રમાં, શુભકર્મોમાં તે જ અગ્નિ બની શકે. બધાનો મલશોધક, પોતાના સ્વરુપમાં રંગી દેનારો, સ્વયં પોતાની પાસે ન રાખી અન્યના અભાવને દૂર કરનારો જ અગ્નિ છે અને જે અગ્નિને યજ્ઞનું રૂપ આપવામાં આવ્યું હોય તે 'અધ્વર'- હિંસારહિત હશે. યજ્ઞરુપ વિકાસથી જ સર્વનું સમાન હિત અને સમાન વૃદ્ધિ થાય છે.

આર્યવીર! આગ પ્રગટાવવાનું શીખી લે. તૂ પ્રગટાવી દે પરોપકારની આગ, પારસ્પરિક પ્રેમની આગ અને પરહિત રક્ષણની આગ. આ ત્રણ અગ્નિઓ જો પોતાના જીવનમાં પ્રદીપ્ત રાખશે તો જીવનનું લક્ષ પૂર્ણ થઈ જશે. આથી જ વેદે કહ્યું છે -

**स्वयं वाजिन् तन्वं कल्पयस्व**
**स्वयं यजस्व, स्वयंजुषस्व, महिमाते अन्येन न सन्नशे ॥**

હવે આ પવિત્ર ગુણોને આર્યવીરોએ પોતાની અંદર ધારણ કરવા યોગ્ય છે જે સંક્ષિપ્તમાં આ મુજબ છે: ૧.આત્મ વિશ્વાસ, ૨. નિર્ભયતાપૂર્વક કર્તવ્યપાલન, ૩. સમયનો સદુપયોગ, ૪. આવેલ અવસરની ઓળખ અને તેને વ્યર્થ ન જવા દેવી., ૫. દીનતાનો પરિત્યાગ 'स्व महिमानमायज्ञाम्' યજુ.૨૧/૪૭ પોતાની મહિમા-પ્રભાવનું ગૌરવ કરો., ૬. ધ્રુવ સંકલ્પ - तन्मे मनः शिव संकल्पमस्तु , ૭. શક્તિ સંપાદન, ૮. અર્ન્તજ્ઞાન, ૯. ભાગ્યને ભરોસે ન રહી પુરુષાર્થી બનો

**आस्ते भग आसीनस्योर्ध्वस्तिष्ठतः**
**शेते निपद्य मानस्यचरति चरतो भगः । चरेवैति चरेवैति ।**

જે બેઠો રહે છે તેનું ઐશ્વર્ય બેઠું રહે છે, જે ઉભો રહે છે તેનું ઐશ્વર્ય ઉભું રહે છે, જે સુએ છે તેનું ઐશ્વર્ય સૂઈ જાય છે. પુરુષાર્થ કરવાવાળાને ઐશ્વર્ય પણ તેની સાથે ચાલે છે માટે પુરુષાર્થ કરો.

ટૂંકમાં આર્યવીરોને નિવેદન છે કે પ્યારા વીરો! સંયમી, સમયનિષ્ઠ, સત્યનિષ્ઠ, અનુશાસનબદ્ધ જીવન જીવી ઋષિવરે પ્રગટાવેલી પવિત્ર જ્ઞાનાગ્નિને સદાય પ્રજ્વલિત રાખો. સત્યનો પ્રસાર પ્રચાર કરો. પરોપકાર પ્રિય બનો. ભેદભાવરહિત આપનો પ્રત્યેક સંકલ્પ, વિચાર અને કાર્ય સર્વહિતસાધક બની ઉજ્જવળ પ્રગતિના સોપાન સર કરો એવી પ્રભુને મંગલ કામના છે.

**- ઓમપ્રકાશ આર્ય (કરનાલ)**

# ઉપનિષદકાળમાં બ્રહ્મચર્ય, ગૃહસ્થ અને વાનપ્રસ્થ ત્રણે આશ્રમોનું વ્યાપક ચલન હતું

### દુ:ખથી મુક્તિ-સાચા આત્મજ્ઞાનથી

દુ:ખથી મુક્તિ પ્રાપ્ત કરવાનું સાધન કયુ છે ? ઋષિઓનું કથન છે, તે આત્મજ્ઞાન છે. જ્ઞાની લોકો કહે છે **'आत्मानं विद्धि'** આત્માને જાણો. આત્માને જુઓ -'**आत्मा वा अरे द्रष्टव्यः ।** ' (ब्रह्दारण्यक उप. २/४/५) જ્ઞાનોપલબ્ધિનું ફળ આત્મ-સુખ છે, આથી આત્માનું જ્ઞાન કરાવવું, ભલેને તે બ્રહ્મથી ભિન્ન હોય કે અભિન્ન, પ્રત્યેક દર્શનનું લક્ષ્ય છે. વેદો અને ઉપનિષદોમાં આત્મા અને તેના આત્મજ્ઞાનનું વિશદ વિવેચન મળે છે. વાજશ્રવાના પુત્ર ઉદ્દાલકે વિશ્વજિત્ યજ્ઞ કર્યો. યજ્ઞ પછી દક્ષિણામાં ઉદ્દાલકે બધું ધન, વૃદ્ધ અને દૂધ ન આપનારી ગાયો પણ આપી. પુત્ર નચિકેતાએ પૂછયું - 'મને કોને આપશો ?' પિતા કંઈ ન બોલ્યા. નચિકેતાએ ત્રણ વાર પોતાનો પ્રશ્ન પુન: ઉચ્ચાર્યો. ક્રોધી થઈ પિતાએ કહ્યું - 'તને યમરાજાને આપું છું.' પિતાનું વચન શિરોધાર્ય રાખી નચિકેતા યમ-આચાર્યના આશ્રમમાં પહોંચ્યો. ત્રણ દિવસ પછી તેઓ પાછા ફર્યા. યમ-આચાર્યએ કહ્યું - 'મને ક્ષમા કરો, તમે અતિથિ હોવા છતાં મારા દ્વાર પર ત્રણ દિવસ ભૂખા રહ્યાં. તમને ત્રણ વર આપું છું.' નચિકેતાએ પહેલા વરના માધ્યમથી પિતાનો ક્રોધ શાંત કરવા અને બીજા વરથી અગ્નિ વિદ્યાની જાણકારી માંગી. બંને વર મળ્યા પછી નચિકેતાએ કહ્યું -'મર્યા પછી મનુષ્ય કયાં રહે છે અથવા તે નથી રહેતો, આનું રહસ્ય સમજવા ઈચ્છું છું.' યમ આચાર્યએ અનેક જાતના પ્રલોભનો આપ્યા- પુત્ર-પૌત્ર, ધન-સંપદા, બધા પ્રકારના ભોગ આપવાનું કહ્યું, પરંતુ નચિકેતાએ આત્મજ્ઞાન શીખવાનો આગ્રહ કર્યો. આ વિષયે આચાર્યએ - પ્રેયશાસ્ત્ર અને શ્રેયશાસ્ત્ર - બંને શાસ્ત્રોનું વિવેચન કર્યું. પ્રેયશાસ્ત્ર તે છે જેમાં સંસારમાં સુખ આપનારી વિદ્યાઓનું દર્શન હોય. શ્રેયશાસ્ત્ર એ છે જેમાં આ પ્રપંચોને દૂર કરનારા મોક્ષોપયોગી વિષયોનું વિવેચન હોય. નચિકેતાએ શ્રેયને પસંદ કર્યું, ફળસ્વરુપ આચાર્યએ તેને આત્મજ્ઞાનની શિક્ષા આપી. આથી કઠોપનિષદમાં કહ્યું છે - હે મનુષ્યો ઉઠો, જાગો,સાવધાન થઈ જાઓ અને શ્રેષ્ઠ મહાપુરુષોની પાસે જઈ આત્મજ્ઞાન પ્રાપ્ત કરો. (**उतिष्ठत जाग्रत प्राप्य वरान् निबोधत** । कठ.३/१४)

**હે મનુષ્યો ઉઠો, જાગો અને સાવધાન થઈ જાઓ અને શ્રેષ્ઠ મહાપુરૂષો પાસે જઈ આત્મજ્ઞાન પ્રાપ્ત કરો.**

### ઉપનિષદોના સમયની સામાજીક દશા

ઉપનિષદોના વિવરણોથી એ માલુમ પડે છે કે તે કાળમાં બ્રહ્મચર્ય, ગૃહસ્થ અને વાનપ્રસ્થ ત્રણે આશ્રમોનું વ્યાપક ચલન હતું. તે યુગમાં વર્ણ-વ્યવસ્થામાં જડતા કે કઠોરતા નહોતી. બ્રાહ્મણ લોકો ક્ષત્રિયોની પાસે બ્રહ્મવિજ્ઞા શીખવા જતાં હતાં. તત્કાલિન સમ્રાટ જનક સર્વસંમત બ્રહ્મવાદી માનવામાં આવતા હતા. મોટા-મોટા વિચારક અને ચિંતક તેમની પાસે જ્ઞાન પ્રાપ્ત કરવા જતાં હતાં. તે સમયના સામાજિક સંગઠનની એક ઝલક સત્યકામ જાબાલની પ્રસિદ્ધ વાર્તા પરથી મળે છે. જાબાલ પુત્ર સત્યકામ જયારે વિદ્યાધ્યયન માટે આચાર્યની પાસે જવા તૈયાર થયો ત્યારે તેને પોતાની માતાને પૂછયું - 'મારું ગોત્ર કયું છે ? જયારે આચાર્ય પૂછશે કે તારું ગોત્ર કયું છે ત્યારે હું શું જવાબ આપીશ.' માતાએ કહ્યું - 'બેટા, મને ખબર નથી, તારું ગોત્ર કયું છે ? કોઈ અજ્ઞાત વ્યક્તિથી તૂ ઉત્પન્ન થયો, આ કારણે તારું ગોત્ર ખબર નથી. મારું નામ જાબાલ છે, તારું નામ સત્યકામ છે, તું તારું પૂરું નામ સત્યકામ જાબાલ બતાવજે.'

**ઉંચી શિક્ષામાં અથવા પુરુષોની વિદ્વત્ સભાઓમાં નારીઓની પુરુષો સમાન સ્થિતિ હતી.**

આચાર્ય હારિદ્રુમતની પાસે જ્ઞાન-પ્રાપ્તિ માટે જયારે સત્યકામ પહોંચ્યો, ત્યારે તેમણે તેને તેનું ગોત્ર પૂછયું. જે કંઈ માતાએ કહ્યું હતું, તે મુજબ યથાવત્ સત્યકામે કહી દીધું. આ કારણે પ્રસન્ન થઈ આચાર્યએ તેને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો.

### સ્ત્રીઓની સ્થિતિ : ઉત્તમ આદર્શ

ઉપનિષદકાળની સ્ત્રીઓની સ્થિતિનું અનુમાન એ ઘટનાથી લગાવી શકાય છે કે ઋષિ યાજ્ઞવલ્ક્યની પત્ની મૈત્રેયી 'બ્રહ્મવાદિની' વિશેષણથી પ્રખ્યાત હતી અને વિદુષી ગાર્ગીએ વિદ્વાનોની ભરી સભામાં પોતાના પ્રશ્નોત્તરોથી અનેક વિદ્વાનોને નિરુત્તર કરી નાંખ્યાં હતાં. ઋષિ યાજ્ઞવલ્કયને જનકની જે સભામાં અનેક બ્રહ્મજ્ઞાનીઓએ ગંભીર પ્રશ્ન પૂછયા હતા, તેમાં વાચક્નવી ગાર્ગી નામની બ્રહ્મવાદિની પણ હતી. ઉંચી શિક્ષા પ્રાપ્ત કરવામાં અથવા પુરુષોની વિદ્વત્ સભાઓમાં નારીઓની પુરુષો સમાન સ્થિતિ હતી.

તે સમયે દેશની સુખ-શાંતિનો આદર્શ છાન્દોગ્ય ઉપનિષદમાં રાજા અશ્વપતિની આ ઘોષણાથી મળે છે - 'મારા દેશમાં નથી ચોર, નથી કંજૂસ અને નથી શરાબી. એવો કોઈ વ્યક્તિ પણ નથી જે હવન ન કરતો હોય કે વિદ્વાન ન હોય. મારા રાજયમાં કોઈ દુરાચારી પણ નથી, દુરાચારિણીની તો કઈ રીતે હોઈ શકે ?'(**न मे स्तेनो जनपदे न कदर्यो न मद्यपो । नानाहिताग्निः नाविद्वान्न स्वैरी स्त्रवैरिणी कुतः ॥** ५/११/५)

ઉપનિષદકાળમાં વિદ્યાઓ અને કળાઓની પ્રાપ્તિનો અંદાજ છાન્દોગ્ય ઉપનિષદના ઉદ્ધરણથી લાગી શકે છે.

(**ऋग्वेदं भगवाऽध्येमि यजुर्वेदं सामवेदमाथर्वणं चतुर्थमितिहासपुराणं पच्चमं वेदानां वेदं पित्रयं राशि दैवं निधिं वाकोवाक्यमेकायनं देवविद्यां ब्रह्मविद्यां भूतविद्यां क्षत्रविद्यां नक्षत्रविद्यां सर्पदेवजनविद्यामेतद् भगवोऽध्येमि ॥** ७/१/२)

સનત્કુમારે ચારેય વેદો ઉપરાંત ઈતિહાસ, પુરાણ આદિ અનેક વિદ્યાઓ, પ્રાણિવિદ્યા, નક્ષત્રવિદ્યા, સમાજ-શાસ્ત્ર આદિનું અધ્યયન કર્યું હતું. આપણે ઉપનિષદના અધ્યયનથી તે સમયના સમાજનું એક રેખાચિત્ર ખેંચી શકીએ છીએ. ઉપનિષદોની વિશેષતા એ છે કે તે બ્રહ્મવિદ્યાને સંસારની બધી વિદ્યાઓથી ઉંચે રાખે છે. પ્રાચીન ઋષિઓ અનુસાર અન્ય વિદ્યાઓ અપરા છે અને બ્રહ્મવિદ્યા પરા છે. આ જ મનોવૃત્તિ છે, જેણે યુગ-યુગાંતર સુધી ભારતીય સંસ્કૃતિને અનુપ્રાણિત કરી છે.

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT MUDRANKAN OFFSET, PLOT NO. 905/5/B, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR.
PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021. PHONE : (079) 23210071 E-MAIL : agnipathweekly@yahoo.com